
# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૪



**એકત્વમાં પરમસુખ**

હું જ જ્ઞાન-દર્શન-ચારિત્ર છું, હું જ મોક્ષ છું, હું સુખ છું, મારો સ્વભાવ વૃદ્ધિગત છે, પરભાવનો મારામાં પ્રવેશ નથી. હું મારા ચૈતન્યવિલાસસ્વરૂપ છું. ચૈતન્યમાં બીજા કોઈની ચિંતા નથી.—આમ ધર્મી જીવ પરથી ભિન્ન પોતાના એકત્વસ્વરૂપને ચિંતવે છે. એકત્વ ચૈતન્યના ચિંતનમાં પરમસુખ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* સિદ્ધ ભગવાનકા સ્વભાવ તારણતરણ હૈ, વે અપને જિસ શુદ્ધ ભાવોંકે દ્વારા સંસારસે પાર હુએ હૈં વહીં સ્વભાવ દૂસરોંકો ભી તારનેમેં સમર્થ હૈ. દૂસરે ઉસી સ્વભાવકો પાકર સંસારસે પાર હો જાતે હૈં. વે અપને શુદ્ધ સ્વભાવસે ઈસકા ઉપદેશ દે રહે હૈ કિ શુદ્ધોપયોગકી દૃષ્ટિ હી હિતકારી હૈ. ઈસી દૃષ્ટિમેં પરમાનંદકા સહયોગ હૈ. ઈસ શુદ્ધોપયોગરૂપી નિર્મલ ઉપદેશકો જો અપનેમેં અંકિત કરતે હૈં ઉનકે કર્મ ગલ જાતે હૈં. ૧૪૨૩. (શ્રી તારણસ્વામી, ઉપદેશશુદ્ધસાર, શ્લોક-૪૯૬)

* જેમ કોઈનો જન્મ થયો, જન્મથી જ આંખ ઉપર ચામડીનો લપેટો ચાલ્યો આવ્યો, અંદર આંખનો પ્રકાશ જેવો ને તેવો છે પણ બાહ્ય ચર્મના આવરણથી પોતાને દેખાતું નથી. જ્યારે કોઈ તબીબ મળ્યો તેણે કહ્યું કે અંદર પ્રકાશ જ્યોતરૂપ આંખ સારી છે, તેણે યત્નથી ચામડીનો લપેટો દૂર કર્યો ત્યારે તેણે પોતાનું શરીર પોતે જ દીઠું તથા બીજાને પણ દેખવા લાગ્યો, એ પ્રમાણે જ્ઞાનદર્શન નયણ અનાદિકાળથી મુદ્રિત થયેલા ચાલ્યા આવે છે તેથી પોતે સ્વરૂપને ન દીઠું. જ્યારે શ્રીગુરુરૂપ તબીબ મળ્યા ત્યારે જ્ઞાનાવરણને દૂર કરવાનો ઉપાય બતાવતા જ તેના શ્રદ્ધાનથી (આવરણ) દૂર થયું, ત્યારે પોતાનું અખંડ જ્યોતિસ્વરૂપ પદ પોતે દીઠું ત્યારે તે અનંત સુખી થયો. ૧૪૨૪.

(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૨૫)

* યહ શરીર નિશ્ચયસે નાશ હોનેવાલા હૈ, સર્વ સંપત્તિયેં વિયોગકે સન્મુખ હૈં, સ્ત્રીયેં સદા હી સુખકારી વ હિતકારી વ સભ્યતાસે વ્યવહાર કરનેવાલી નહીં હૈ, અપને કુટુંબી યા પુત્ર અપને મતલબસે વિનય કરનેવાલે હૈં, મરણકો દેનેવાલે વ શરણરહિત બહુત ગહરે દુઃખોંસે ભી જિસકા તરના કઠિન હૈ ઐસે ઈસ સાર રહિત સંસારમેં સિવાય મોક્ષકે દૂસરા કોઈ પદ સુખકા દેનેવાલા નહીં હૈ. ૧૪૨૫ (શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક–૧૦૭)

* અતિ તીવ્ર કામકી દાહસે ભી થોડે હી કાલ તક પીડા રહતી હૈ, પરંતુ બ્રહ્મચર્યકો ખંડિત કર દેનેસે કરોડોં જન્મોંમેં કષ્ટ સહને પડતે હૈં. ૧૪૨૬

(શ્રી કુલધર આચાર્ય, સાર સમુચ્ચય, શ્લોક–૧૧૨)

વર્ષ–૮
અંક–૧૧

વિ. સંવત
૨૦૭૦

July
A.D. 2014







# વ્યવહાર સમકિતનું સ્વરૂપ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૨-૪-૪૪, શુક્રવાર)



જેઓની શાંતમુદ્રા છે, માળા ફેરવતા નથી, હથિયાર નથી, વસ્ત્ર નથી—તદ્દન નિર્ગ્રંથ છે એવા તદ્દન નિર્દોષ વીતરાગની પ્રતિમાને દેખીને તથા ભક્તિ-પૂજન કરીને, પરમ વીતરાગરૂપ નિમિત્તના સંયોગની પ્રાપ્તિ થવાથી ભવ્યજીવ પોતાના ભાવોને ઉજ્જ્વળ, વિશુદ્ધ અને વૈરાગ્યમય કરે છે. વર્તમાનમાં આ ભરતક્ષેત્રે સાક્ષાત્ તીર્થંકર દેવ નથી, તેથી તેમની નિર્દોષ પ્રતિમાને ઓળખીને તેને દેવ માનવાનું કહ્યું છે. જેમને ભક્તિ કરનાર ઇન્દ્ર ઉપર રાગ નથી કે નિંદા કરનાર ઉપર દ્વેષ નથી એવા આપ્તપુરુષ તે સાચા દેવ છે. એવા આપ્ત પુરુષના સાક્ષાત્ મુખકમળથી નીકળેલી દિવ્યધ્વનિ (દિવ્ય=પ્રધાન; ધ્વનિ=અવાજ; ઊંચામાં ઊંચો અવાજ) તે જ સત્ય આગમ છે. તે જગતના બધા પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાય-કાળ-ભાવ વગેરે અનેક રીતે વિસ્તાર કરીને યથાર્થ સ્વરૂપ સમજાવે છે. એક દ્રવ્યના અનંત ગુણ-પર્યાય અને તેના અવિભાગપ્રતિચ્છેદ કરીને તેનું વર્ણન કરે છે અને તે બધું વસ્તુનું સમર્થન કરે છે—જે રીતે છે તે રીતે જાહેર કરે છે—ગોટા નથી. જેમ જેમ વિસ્તાર કરે છે તેમ તેમ વસ્તુનું સમર્થન જ થાય છે. ''આમ જોઈએ અથવા આમ જોઈએ'' એમ શંકા સહિત વાણી નથી પણ ''આમ જ સ્વરૂપ છે'' એમ વસ્તુના સ્વરૂપને જેવું છે તેવું સમર્થન કરે છે. એક દ્રવ્યમાં અનંત ગુણ, એકેક ગુણની અનંતપર્યાય અને

**જાણે અને દેખે બધું, સુખ અભિલષે, દુઃખથી ડરે,**
**હિત-અહિત જીવ કરે અને હિત-અહિતનું ફળ ભોગવે. ૧૨૨. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

એકેક પર્યાયમાં અનંત અવિભાગપ્રતિચ્છેદ અને અવિભાગપ્રતિચ્છેદના એક અંશમાં અનંત શક્તિ; આ રીતે બધુ વીતરાગ આગમ જ કહી શકે.

વળી સર્વજ્ઞ આપ્તદેવ કેવા છે તે કહે છે :—

ચતુર છે, સમર્થ—દક્ષ છે, પૂર્ણજ્ઞાન વર્તે છે. કોઈ પૂછે અને પછી તેનો જવાબ આપ્યા કરે એમ નથી, પણ પ્રથમથી જ વસ્તુનું જ્ઞાન છે, અને જેવું વસ્તુનું જ્ઞાન છે તેવું જ દરેક સમયે વાણીમાં આવી જાય છે. આત્મા અથવા કર્મ કાંઈ ચીજ જ નથી એમ કહીને ''અનિર્વચનીય'' કહી દીધું એવું નથી, પણ સાચા પદાર્થના વિસ્તારના સમર્થનમાં પ્રવીણ છે. વસ્તુ સ્વરૂપ ''સર્વથા અનિર્વચનીય'' નથી જ્ઞાનમાં ગંભીરતા રહી જાય તે વાત જુદી છે. કોઈ કહે—કર્મ પદાર્થ જ નથી, તો ત્યાં 'નથી' કહેતાં જ 'છે' એવો ભાસ તેમાં આવી જાય છે, કાંઈક છે—અને જે છે તેનું સ્વરૂપ નથી જાણ્યું માટે તે સર્વજ્ઞ નથી.

આગમમાં તત્ત્વોનું સ્વરૂપ બતાવ્યું છે. એક અંતરંગ તત્ત્વ પરમાત્મા (અહીં જીવને જ પરમાત્મા કહેલ છે) અને બીજું બાહ્ય તત્ત્વ, આત્માથી ભિન્ન પદાર્થો—તે પણ છે, નથી એમ નહીં. તે આત્મામાં નથી પણ વસ્તુપણે તો છે. એકલો આત્મા જ માને અને બીજી વસ્તુને ન માને તો તેને તત્ત્વની વ્યવહાર શ્રદ્ધા પણ નથી, તેને તો પુણ્યનું પણ ઠેકાણું નથી.

ઉપર કહ્યા તે રીતે બે તત્ત્વ છે, અથવા બીજી રીતે સાત તત્ત્વો છે; જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોની આગમમાં વ્યાખ્યા કરી છે. ૧—આત્મા અનાદિ અનંત વસ્તુ છે. ૨—તેને અનાદિથી પુદ્ગલ કર્મનો સંયોગ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. પુદ્ગલ પણ સ્વભાવ વસ્તુ છે. ૩—જીવના વિકારી ભાવ પુદ્ગલ કર્મનું આવવું તે આસ્રવ છે. ૪-જીવના વિકારીભાવ કર્મ આત્માનું સ્વક્ષેત્રે સાથે રહેવું તે બંધ. ૫—જીવના શુદ્ધભાવથી કર્મનું આવવું અટકી જવું તે સંવર છે. ૬—સંવરપૂર્વક જૂના કર્મોનું ખરી જવું તે નિર્જરા છે; તથા ૭—આત્મામાં કર્મનો સર્વથા નાશ કરવાની શક્તિ પણ છે, કર્મનો સર્વથા નાશ તે મોક્ષ છે. આ રીતે સાતે તત્ત્વોના સ્વરૂપનું પ્રદર્શન કરાવનાર આગમ છે. આસ્રવમાં પુણ્ય-પાપ આવી જાય છે તેથી અહીં સાત તત્ત્વ ગણ્યા છે. કોઈ સર્વથા એકાંત કહે કે ''આત્માને કર્મનો સર્વથા નાશ થતો જ નથી એટલે કે મોક્ષ થતો જ નથી'' તો એમ કહેનાર આગમને સમજતો નથી. પહેલાં સાચું શું તે સમજવું જોઈએ. સમજણ એ જ પહેલો ધર્મ છે. ફાંટા અનેક હોય પણ તેમાં સર્વજ્ઞ ભગવાને કહેલો સત્ય માર્ગ તો એક જ હોય; શ્રીમદ્ રાજચંદ્રે આત્મસિદ્ધિમાં કહ્યું છે કે :—

**છે જીવગુણ નહિ આભ-ધર્મ-અધર્મ-પુદ્ગલ-કાળમાં;**
**તેમાં અચેતનતા કહી, ચેતનપણું કહ્યું જીવમાં. ૧૨૪.** —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

“એક હોય ત્રણકાળમાં, પરમારથનો પંથ”

ત્રણે કાળમાં સત્યનો માર્ગ તો એક જ હોય છે. પ્રથમ સાચા આગમ અને આગમ અનુસાર તત્ત્વની શ્રદ્ધા કરવાથી વ્યવહાર શ્રદ્ધા થાય છે. નિમિત્તરૂપે આત્માના કલ્યાણના હેતુ સર્વજ્ઞદેવ છે; સ્ત્રી, કુટુંબ, કુદેવાદિ કે કોઈ અલ્પજ્ઞદેવ આત્માના કલ્યાણના હેતુ નથી. જેને પરમાત્મદશા ઊઘડી નથી એવા જીવ કે તેના કહેલાં શાસ્ત્રો તે કલ્યાણનો હેતુ નથી, તેથી પ્રથમ સર્વજ્ઞનો નિશ્ચય થવો જોઈએ. સર્વજ્ઞનો નિશ્ચય થતાં તેમના કહેલાં શાસ્ત્રો અને તત્ત્વોનો નિશ્ચય સહેજે થઈ જાય છે. સર્વજ્ઞનું નિર્દોષ સ્વરૂપ ઓળખ્યા વગર તત્ત્વની સાચી શ્રદ્ધા થાય નહીં.

ટીકાકાર કહે છે કે :—

भवभवभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न शमस्ति।
तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवति॥

હે સંસારના ત્રાસને મટાડવાવાળી, ભવભયભેદીની, આત્માના આનંદઘન સ્વરૂપને બતાવનારી ભગવતી જિનવાણી! જે આ લોકમાં તારી ભક્તિ નથી કરતા તે સંસાર સમુદ્રની મધ્યમાં દુઃખરૂપી ગ્રાહ (મોટા ઝૂડ નામના જનાવર થાય છે તે હાથીને પણ બાંધી લ્યે એવા હોય છે તેમ) તેના મુખમાં ચાલ્યા જાય છે. વીતરાગને ઓળખતા નથી અને તેની ભક્તિ કરતા નથી તે સંસાર સમુદ્રમાં ચાલ્યા જાય છે. ॥૫॥

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ)

ન કહેવાય. જુઓ, ધારણ અને અનુપ્રેક્ષા બન્ને મૂક્યા છે, તેમાં ‘ધારણ’ કહેતાં વર્તમાન સાંભળવા ટાણે યાદ રાખવાની વાત છે અને ‘અનુપ્રેક્ષા’ કહેતાં તે યાદ રાખેલી વાતને પાછળથી વિચારવાની વાત છે.

બધા કલ્યાણનું મૂળ કારણ એક આગમનો યથાર્થ નિર્ણય છે. ભગવાને કહેલા પરમાગમ શાસ્ત્રોનો માત્ર અભ્યાસ નહીં, પણ યથાર્થ અભ્યાસ એમ કહ્યું છે. શાસ્ત્રના કહેવા પ્રમાણે બરાબર આશય સમજે તો તે યથાર્થ અભ્યાસ કહેવાય, પણ પોતાને ગોઠે તે પ્રમાણે અર્થ બેસાડી દે તો તે યથાર્થ અભ્યાસ નથી. (ક્રમશઃ) ❋

**સુખદુઃખસંચેતન, અહિતની ભીતિ, ઉદ્યમ હિત વિષે**
**જેને કદી હોતાં નથી, તેને અજીવ શ્રમણો કહે. ૧૨૫.** —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ



# તત્ત્વનિર્ણયની દુર્લભતા

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, શ્રાવણ વદ ૧૨ મંગળવાર)

પ્રથમ સમ્યગ્દર્શન થતાં તથા ચારે અનુયોગ દ્વારા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમનું યથાર્થ જ્ઞાન થતાં ચારિત્ર ગુણ પ્રગટે છે. ચાર અનુયોગ ક્યા ક્યા છે તે કહે છે :—(૧) દ્રવ્યાનુયોગ—તેમાં આત્મ-વસ્તુની વ્યાખ્યા મુખ્યપણે હોય છે, (૨) ચરણાનુયોગ—તેમાં રાગ ઘટાડવા અને સુધારવા માટે નિમિત્તની પ્રધાનતાથી કથન હોય છે, (૩) કરણાનુયોગ—તેમાં પરિણામોની સૂક્ષ્મ વાત ગણિત અનુસાર હોય છે અને (૪) કથાનુયોગ—તેમાં મહાન પુરુષોના પવિત્ર આચરણની વ્યાખ્યા હોય છે. એ ચારે અનુયોગ દ્વારા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમનું સંશય, વિપર્યય, અનધ્યવસાયાદિ રહિત યથાર્થ જ્ઞાન થતાં યથાર્થ ચારિત્ર થાય છે. પ્રયોજનભૂત રકમ એટલે કે મુદ્દાની રકમ ન સમજે અને બીજું બધું કરે તો તે યથાર્થ જ્ઞાન નથી. પ્રયોજનભૂત રકમ ન કબૂલે પણ બીજું કબૂલે એ ઉપર એક કાઠી આપાનું દૃષ્ટાંત :—

કોઈ એક વાણિયાની દુકાનેથી કોઈ કાઠીએ ૫૦૦—૭૦૦ રૂપિયાનો માલ તથા રોકડા ઉપાડ્યા હતા, પછી લાંબે ટાઈમે નામાનો હિસાબ મેળવવા બેઠા. વાણિયો એક પછી એક રકમ બોલવા માંડ્યો કે આપા ! (કાઠીને 'આપા' એવું સંબોધન કરવામાં આવે છે) આ બે શ્રીફળના ચાર આના, બરાબર ? તો આપો કહે 'હા બરાબર.' એ રીતે પા શેર મરચાં, સવા શેર તેલ, અઢી શેર ચોખા વગેરે પરચુરણ રકમો કબૂલી; પછી જ્યાં મોટી રકમ આવી કે રૂા. ૨૫ રોકડા લીધા છે, ત્યાં આપો કહે 'હેં...! ગોલીનો જાણે છે જ કોણ ? મેં તો લીધા નથી.' આપાએ નાની નાની રકમ કબૂલી અને મૂળ રકમ ઉડાડી. વાણિયો સમજી ગયો કે ગજબ થઈ ! આણે મૂળ રકમ ઉડાડી, હવે આને ચોપડામાંથી કાઢવો શી રીતે ? વળી આગળ મેળવવા માંડ્યું, તેમાં પા શેર હળદર વગેરે નાની નાની પાંચ-સાત રકમ સ્વીકારી, પણ જ્યાં મોટી રકમ આવી કે રૂા. ૫૧ રોકડા, ત્યારે આપો કહે કે અરે ભાઈ ! હું તો એ જાણતો જ નથી. એમ મૂળ રકમ ઉડાડી ને બીજી બધી કબૂલ કરી. તેણે મૂળ રકમ કબૂલ કરી હોત અને નાની નાની બે-ચાર રકમ

**જે ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન, ઇન્દ્રિયગ્રાહ્ય નહિ, તે જીવ છે. ૧૨૭. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

ઉડાડી હોત તો એટલું નફામાં સમાઈ જાત, પણ આ મૂળ રકમ જ ઉડાડી તેનો મેળ ક્યાં ખાય ? એ તો આપો ખૂટ્યો. તેમ શાસ્ત્રોમાં બીજાની ભક્તિ કરવાની, દયા પાળવાની એવી એવી વાત આવે ત્યાં કબૂલ કરે કે હા મા'રાજ ! ભક્તિ વગેરે કરીએ તો ધર્મ થાય. પણ એલા ! 'ધર્મ થાય' એમ કોણે કીધું ? ભક્તિથી ધર્મની વાત કોણે કરી ? પરની દયા કે ભક્તિથી ત્રણ કાળ ત્રણ લોકમાં ધર્મ થતો નથી. પરંતુ એવી વાત આવે ત્યાં કહે કે એ વાત અમને ન બેસે ! તો એમ કહેનારા આપાએ (આત્માએ) ઉપરના દૃષ્ટાંતની જેમ પ્રયોજનભૂત રકમ ઉડાડી છે. ભાઈ ! પુણ્યની રકમ કબૂલ કર પણ તત્ત્વનો નિર્ણય કર નહિ તો તારા દેણા ખૂટશે શી રીતે ? દેણાના ભાર નીચે ચોરાશીમાં મરી જઈશ. પુણ્યની વાત આવે તે કબૂલ કરી, દયાની વાત કબૂલી, પણ જ્યાં મૂળ રકમ આવી કે દેવ-ગુરુ-શાસ્ત્રના અને આત્માના યથાર્થ ભાન વિના ધર્મ થાય નહિ, ત્યાં આપો (આત્મા) ખૂટ્યો; મને એ વાત બેસતી નથી એમ કહીને આપો (આત્મા) ફટ છટકી જાય છે. અહીં તો કહ્યું છે કે ચારે અનુયોગ દ્વારા મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત રકમનું સંશય, વિપર્યય અને અનધ્યવસાય આદિથી રહિત યથાર્થ જ્ઞાન થતાં યથાર્થ ચારિત્ર થાય છે અને ચારિત્ર દશામાં આળસ—મદ વગેરે બધા દોષ દૂર થાય છે. જરૂરની રકમનું સંશય રહિત તથા વિપરીતતા રહિત યથાર્થ જ્ઞાન થવું જોઈએ; ઊંધું જ્ઞાન હોય તો ધર્મનો લાભ થાય નહીં. તથા અધ્યવસાય રહિત "આવું કાંઈક ઊંડું ઊંડું લાગે છે, પછી હોય તે ખરું" એ પણ ન ચાલે. સાચો માર્ગ તો આ જ છે, આ માર્ગ સિવાય ત્રણકાળ ત્રણલોકમાં મુક્તિ નથી. કોઈને એમ થાય કે આ તો એક ને એક જ વાત કહ્યે રાખે છે, તો સત્યનો માર્ગ તો ત્રણે કાળે એક જ હોય.

આત્મા નિર્મળ છે, રાગ-દ્વેષ ક્ષણિક છે તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા પરનું કાંઈ કરી શકે નહિ. આ વાત સાંભળીને કોઈ કહે કે અમે તો નજરોનજર જોઈએ છીએ કે આત્મા શરીરનું કરે છે, છતાં કેમ ના પાડો છો ? તો તેને કહીએ છીએ કે તેં નજરે શું જોયું ? શરીર તેના કારણે ચાલે ત્યાં માની બેઠો કે મેં હલાવ્યું, અને પાછો કહે નજરે જોયું, 'વછેરાંના ઈંડાં' જેવું નજરે જોયું છે. કોઈ એમ કહે કે ઈંડું ફાટીને તેમાંથી વછેરાં નીકળતા મેં નજરે જોયા, તો તેની વાત પ્રત્યક્ષ ખોટી છે, કેમકે વછેરાંના ઈંડાં હોય જ નહિ. ઈંડું ફૂટ્યું તે જ વખતે પાસેની ઝાડીમાંથી સસલાના બચ્ચાં નીકળીને દોડતાં દીઠાં ત્યાં અક્કલ વગરનો એમ માની બેઠો કે ઈંડાંમાંથી વછેરાં નીકળ્યા, અને એ મેં નજરે જોયા. તેમ શરીરની ક્રિયા શરીરના કારણે થાય છે અને આત્મા તેને જાણે છે ત્યાં 'આ

> સંસારગત જે જીવ છે પરિણામ તેને થાય છે,
> પરિણામથી કર્મો, કરમથી ગમન ગતિમાં થાય છે; ૧૨૮. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

શરીરની ક્રિયા મારાથી થઈ એ નજરે જોયું' એમ અજ્ઞાની માને છે; પણ ભાઈ રે ! આત્મા પરનું કરી જ શકતો નથી. તો તેં એ નજરે જોયું જ ક્યાંથી ? આત્મા પરનું કરી જ શકતો નથી આ વાત જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી તે સંબંધી જ્ઞાન મેળવ્યા જ કર. સર્વજ્ઞની વાતમાં ફેર પડે તેમ નથી, માટે જ્યાં સુધી સર્વજ્ઞના કહેવા પ્રમાણે તારા જ્ઞાનમાં ન બેસે ત્યાં સુધી શ્રવણ–મનન કરી જ્ઞાન મેળવ્યા જ કરવું. બાપદાદાના ચોપડામાં લખેલી વાત ન સમજાય તો ત્યાં કહે કે બાપા તો પાકા હોંશિયાર હતા, તેની ભૂલ હોય જ નહિ, મારી ભૂલ હશે–એમ ત્યાં બાપાના ચોપડામાં શંકા કરતો નથી; તેમ પરમ પિતા સર્વજ્ઞદેવની ભૂલ હોય નહિ. સર્વજ્ઞ ભગવાનના કહેવા અનુસાર પ્રયોજનભૂત રકમની સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન થવા જોઈએ. સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા સમ્યક્ચારિત્ર થાય છે અને ચારિત્ર થતાં કર્મનો નાશ થાય છે. કર્મનો નાશ થતાં સર્વ આત્માને પ્રિય એવું સુખ પ્રગટે છે. આ રીતે સમ્યગ્દર્શન એ જ સુખનો મૂળ પાયો છે.

જે સાચું જ્ઞાન થતાં આળસ વગેરે સમસ્ત દોષો દૂર થાય છે તે સાચું જ્ઞાન કેમ થાય ? તો કહે છે કે સત્શાસ્ત્રોનો શ્રવણ, ધારણ, વિચારણા, આમ્નાય અને અનુપ્રેક્ષાપૂર્વક અભ્યાસ જોઈએ. સત્શાસ્ત્ર સાંભળવા સાથે ધારણ જોઈએ. જુઓ ! જીવોને સાચું સુખ જોઈએ છે, તે સુખ સર્વ કર્મના નાશથી પ્રગટે છે, કર્મનો નાશ ચારિત્રથી થાય છે, ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાનથી થાય છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન સત્શાસ્ત્રોના શ્રવણ–ધારણથી થાય છે.

આમાં તો શું કહે છે તે ધારી લેવાની વાત છે. સવારે સમયસારમાં શું વાત ચાલી હતી એમ પૂછતાં કોઈ કહે કે યાદ નથી, તો એવું શ્રવણ ન ચાલે. જગતમાં કોઈ પાસે લેણું હોય તો બરાબર યાદ રાખે, તે માણસને દેખતાં જ યાદ આવે કે આની પાસે આટલું લેણું છે. જેમ ત્યાં ધારણા કરી છે, તેમ સત્શાસ્ત્રને પણ યથાર્થપણે પાત્ર જીવ ધારણ કરી લ્યે, અને ધારણ કર્યા પછી પણ તેની વિચારણા જોઈએ; પછી આમ્નાય જોઈએ એટલે કે વારંવાર તે વાતને ફેરવ્યા કરે કે આત્મા શુદ્ધ, આત્મા જ્ઞાનસ્વરૂપ, આત્મા આવો, તેના ગુણ આવા, તેની સ્પષ્ટ નિર્મળ જ્યોતિ આવી વગેરે. એ રીતે વાતને ફેરવ્યા કરે અને પછી અનુપ્રેક્ષાપૂર્વક વારંવાર ચિંતવન કરવું જોઈએ. અહીં આવીને એક કલાક સાંભળી જાય અને પછી ઘરે જઈને બીજી વિકથાઓમાં જોડાય તો તે અનુપ્રેક્ષા

(જુઓ અનુસંધાન પેજ નં. ૫ ઉપર)

**ગતિપ્રાપ્તને તન થાય, તનથી ઇન્દ્રિયો વળી થાય છે,**
**એનાથી વિષય ગ્રહાય, રાગદ્વેષ તેથી થાય છે. ૧૨૯.** —**શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે પૂછે છે કે અમને લક્ષ્મીનો જે સંયોગ મળ્યો છે તે અધ્રુવ છે તો તેનું શું કરવું? તેનો ઉત્તર કહે છે :—

**ता भुंजिज्जउ लच्छी दिज्जउ दाणे दया-पहाणेण ।**
**जा जल-तरंग-चवला दो तिण्णि दिणाणि चिट्ठेइ ।।१२।।**

**અર્થ :—**આ લક્ષ્મી જલતરંગની માફક ચંચળ છે; એટલે જ્યાં સુધી તે બે-ત્રણ દિવસ સુધી ચેષ્ટા કરે છે–મોજૂદ છે ત્યાં સુધી તેને ભોગવો વા દયાપ્રધાની થઈને દાનમાં આપો. ૧૨.

અહીં લક્ષ્મી ભોગવવાનું કહ્યું છે. તેમાં એવો આશય છે કે લક્ષ્મીની તીવ્ર મમતા છોડીને કાંઈક મંદ પરિણામ થાય, તીવ્ર લોભથી લક્ષ્મીને રાખી મૂકવાની ભાવના કર્યા કરે ને ખરચવામાં કંજુસાઈ કરે તો તેને કહે છે કે અરે ભાઈ! તારી લક્ષ્મી અધ્રુવ છે, માટે જિનેન્દ્ર-ભક્તિ વગેરે કાર્યોમાં લક્ષ્મીનો ઉપયોગ કરો, દાન વગેરેમાં વાપરો તથા તેને ભોગવો.

આ બધાય કવિના હૃદયના ઉદ્‌ગાર નીકળ્યા છે. હે પ્રભુ! જેમ દરિયો અગાધ અને ગંભીર છે, તેમ આપના ગુણો પણ અગાધ અને ગંભીર છે. આપના ગુણો ઉત્કૃષ્ટ છે. આપના ગુણોનો સંપૂર્ણ વિકાસ થઈ ગયો છે. આપના ગુણો ઉજ્જ્વળ છે. આપની પર્યાયમાં લેશમાત્ર વિકૃતિ રહી નથી. આપના ગુણો અનેક પ્રકારના છે તથા આપના ગુણો અનંત છે. આમ આપની સ્તુતિ કરીને જ અમે આપના ગુણોનો પાર પામી લીધો તે કહીએ છીએ; પરંતુ પ્રભુ! આપના ગુણોનો પાર આવે તેમ નથી. વાણીથી ગમે તેટલું કહેવામાં આવે પણ વાણીમાં આપના અનંતગુણોનું વર્ણન કરવાનું સામર્થ્ય નથી.

આપના બધાય ગુણો આપમાં સમાઈ ગયા છે. તેથી આપના ગુણોનો પાર આવી ગયો પણ વાણી કે વિકલ્પ દ્વારા આપના ગુણોને ગણવા જતાં પાર આવે તેમ નથી. જ્યાં આત્મા છે, ત્યાં જ અનંતગુણો છે, તેમ શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર કરવાથી સાધક જીવે

**એ રીત ભાવ અનાદિનિધન અનાદિસાંત થયા કરે**
**સંસારચક્ર વિષે જીવોને—એમ જિનદેવો કહે. ૧૩૦. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

આત્માના અનંત ગુણનો પાર લીધો છે. પણ વિકલ્પ દ્વારા આત્માના ગુણોનો પાર આવતો નથી.

એક પલ્યના અસંખ્યાતમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષો જાય, એવા એવા દસ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય. એવા એવા ૩૩ સાગરોપમ સુધી ક્ષાયિક સમકિતી અને ૧૨ અંગના જાણનારા દેવો ત્યાં સ્વર્ગમાં પરસ્પર તત્ત્વચર્ચા કરે છે, છતાં આપના ગુણોનો અંત પામી શકતા નથી. ગુણનો અંત તો પ્રભુ ! આપે લીધો છે. જેટલા આત્માના ગુણો છે તે બધા આપે પ્રત્યક્ષ જાણી લીધા છે. બાકી વાણીથી તેનો પાર પમાય તેમ નથી—એમ વચનની અને વિકલ્પની સ્તુતિ છોડી, નિર્વિકલ્પ સ્તુતિમાં સમાઈ જવું, તેને ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે.

આ અનિત્ય ભાવનાનું વર્ણન છે. આત્મા નિત્ય જ્ઞાનાનંદ છે એવું નિજઘર જેણે જોયું છે તે જ જીવ જગતના પદાર્થોની પર્યાયની અનિત્યભાવના ભાવે છે, જેને પર્યાયબુદ્ધિ હોય એટલે કે પર્યાયની ક્ષણિકતાને ન જાણતાં તેને સ્થિર રાખવા માગતો હોય તેને ખરી અનિત્યભાવના હોતી નથી. એટલે ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિપૂર્વકની આ અનિત્યભાવના છે, એમ સમજવું.

અહીં લક્ષ્મીની અનિત્યતા વર્ણવે છે.

**जो पुण लच्छिं संचदि ण य भुंजदि णेय देदि पत्तेसु ।**
**सो अप्पाणं वंचदि मणुयत्तं णिप्फलं तस्स ।।१३।।**

**અર્થ :—**પરંતુ જે પુરુષ લક્ષ્મીનો માત્ર સંચય કરે છે પણ પાત્રોને(દાન) અર્થે આપતો નથી, તથા ભોગવતો પણ નથી, તે તો માત્ર પોતાના આત્માને જ ઠગે છે; એવા પુરુષનું મનુષ્યપણું નિષ્ફળ છે–વૃથા છે. ૧૩.

જે પુરુષ લક્ષ્મીની મમતા કરીને તેને રાખવા માગે છે પણ ધર્માત્મા સુપાત્રને ઓળખીને દાનાદિમાં તેને વાપરતો નથી, એટલે કે મમતા ઘટાડતો નથી ને પોતાના ભોગમાં ભોગવતો પણ નથી, તે તો મમતાભાવથી માત્ર પોતાના આત્માને જ ઠગે છે. પૈસા રાખવાની જેને બુદ્ધિ છે ને ચૈતન્યની દૃષ્ટિ-રુચિ કરતો નથી, તેમ જ પાત્રદાનના શુભભાવ પણ કરતો નથી તે તો મનુષ્યપણું હારી જવાનો છે. અરે ! આવો મનુષ્ય

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

**છે રાગ, દ્વેષ, વિમોહ, ચિત્તપ્રસાદપરિણતિ જેહને,**
**તે જીવને શુભ વા અશુભ પરિણામનો સદ્ભાવ છે. ૧૩૧. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

# મોક્ષનું બીજ સમ્યક્ત્વ; સંસારનું બીજ મિથ્યાત્વ.

(સમ્યગ્દર્શન માટે પરમ પ્રયત્નનો ઉપદેશ)

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

જુઓ, આ સમ્યગ્દર્શનનો મહિમા! સમકિતી એટલે પરમાત્માનો પુત્ર; જૈનકુળમાં જન્મે એટલે માની લ્યે કે અમે શ્રાવક છીએ, પણ ભાઈ, શ્રાવક એટલે તો પરમાત્માનો પુત્ર; 'પરમાત્માના પુત્ર' કેમ થવાય તેની આ રીત કહેવાય છે.

ભેદવિજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ, સીતલ ચિત્ત ભયૌ જિમ ચંદન;
કેલિ કરૈ શિવ મારગમેં, જગ માંહીં જિનેસુરકે લઘુ નન્દન.

જ્યાં ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું ત્યાં અંતરમાં અપૂર્વ શાંતિને અનુભવતો તે જીવ મોક્ષના માર્ગમાં કેલિ કરે છે, ને જગતમાં તે જિનેશ્વરદેવનો લઘુનંદન છે. મુનિ તે મોટા પુત્ર છે ને સમકિતી તે નાના પુત્ર છે. આદિપુરાણમાં જિનસેનસ્વામીએ (સર્ગ ૨ શ્લોક ૫૪ માં) ગૌતમગણધરને 'સર્વજ્ઞપુત્ર' કહ્યા છે, તેમ અહીં સમકિતી જિનેશ્વરના લઘુનંદન એટલે ભગવાનના નાના પુત્ર કહ્યા છે. અહા, સમ્યગ્દર્શન થયું ત્યાં કેવળીપ્રભુનો પુત્ર થયો, ભગવાનનો વારસદાર થયો, સર્વજ્ઞપદનો સાધક થયો. કોઈને પુણ્યયોગે બાપની મોટી મિલ્કતનો વારસો મળે પણ તે તો ક્ષણમાં ફૂ થઈ જાય છે ને આ સમકિતી તો કેવળજ્ઞાની–સર્વજ્ઞપિતાના અક્ષયનિધાનનો વારસદાર થયો, તે નિધાન કદી ખૂટે નહિ, સાદિ અનંત રહે. સમ્યગ્દર્શનથી આવી દશા પ્રગટ કરે તેને શ્રાવક કહેવાય. માટે શ્રાવકધર્મના ઉપાસકે નિરંતર પ્રયત્નપૂર્વક સમ્યગ્દર્શન ધારણ કરવું જોઈએ.

જેમ આંબાનું બીજ કેરીનું ગોટલું હોય, કાંઈ કડવી લીંબોડીના બીમાંથી મધુર આંબા ન પાકે. તેમ મોક્ષરૂપી જે મધુર આંબો તેનું બીજડું તો સમ્યગ્દર્શન છે; પુણ્યાદિ વિકાર તે કાંઈ મોક્ષનું બીજ નથી. ભાઈ, તારા મોક્ષનું બીજ તારા સ્વભાવની જાતનું હોય, પણ તેથી વિરુદ્ધ ન હોય. મોક્ષ એટલે પૂર્ણ આનંદરૂપ વીતરાગદશા, તો તેનું બીજ

**શુભ ભાવ જીવના પુણ્ય છે ને અશુભ ભાવો પાપ છે;**
**તેના નિમિત્તે પૌદ્ગલિક પરિણામ કર્મપણું લહે. ૧૩૨. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

રાગ કેમ હોય ? રાગમિશ્રિત વિચારોથી પણ પાર થઈને નિર્વિકલ્પ આનંદના અનુભવ સહિત આત્માની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે, ને તે જ મોક્ષનું મૂળ છે.

મોક્ષનું બીજ સમ્યગ્દર્શન, ને તે સમ્યગ્દર્શનનું બીજ આત્માનો ભૂતાર્થ સ્વભાવ.—'भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो' ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરનાર જીવ સમ્યગ્દષ્ટિ છે. મોક્ષનું મૂળ સમ્યગ્દર્શન છે એમ કહે પણ તે સમ્યગ્દર્શનનું સ્વરૂપ બીજી રીતે માને તો તેને પણ માર્ગની ખબર નથી. સમ્યગ્દર્શન કોઈ બીજાના આશ્રયે નથી, આત્માના સ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન છે.

પ્રશ્ન :—મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કહ્યો છે ને ?

ઉત્તર :—એ ખરું જ છે, પણ તેમાં બીજરૂપ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર જ્ઞાન કે ચારિત્ર હોતાં નથી. પ્રથમ સમ્યગ્દર્શન હોય પછી જ જ્ઞાન—ચારિત્ર પૂર્ણ થતાં મોક્ષ થાય છે. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં અમૃતચંદ્રસ્વામીએ પણ કહ્યું છે કે—

एवं सम्यग्दर्शनबोधचरित्रत्रयात्मको नित्यं ।
तस्यापि मोक्षमार्गो भवति निषेव्यो यथाशक्ति ॥२०॥

तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन ।
तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चरित्रं च ॥२१॥

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણસ્વરૂપ મોક્ષમાર્ગ છે તે ગૃહસ્થોએ પણ સદાય યથાશક્તિ સેવવાયોગ્ય છે; તે ત્રણમાં પહેલાં સમ્યક્ત્વ છે. તે અખિલ યત્નથી અંગીકાર કરવા યોગ્ય છે. કેમકે તે હોય તો જ જ્ઞાન અને ચારિત્ર હોય છે. સમ્યગ્દર્શન વગરના જ્ઞાન કે ચારિત્ર મોક્ષના સાધક થતા નથી; અને સમ્યક્ત્વસહિત યથાશક્તિ મોક્ષમાર્ગનું સેવન ગૃહસ્થને પણ હોય છે—એમ અહીં બતાવ્યું.

સમ્યગ્દર્શન પછી જે રાગ-દ્વેષ છે તે અત્યંત અલ્પ છે, ને તેમાં ધર્મીને એકત્વબુદ્ધિ નથી. મિથ્યાદષ્ટિને રાગ-દ્વેષમાં એકત્વબુદ્ધિ છે એટલે તેને અનંતાનુબંધી રાગ-દ્વેષ અનંત સંસારનું કારણ છે; આ રીતે મિથ્યાત્વ તે સંસારનું બીજ છે, ને સમ્યગ્દર્શન થતાં તેનો છેદ થઈને મોક્ષનાં બીજ રોપાય છે. સમ્યગ્દર્શનરૂપી 'બીજ' ઊગી તે વધીને કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થયે છૂટકો. સમ્યક્ત્વ કહે છે કે 'મને ગ્રહણ

છે કર્મનું ફળ વિષય, તેને નિયમથી અક્ષો વડે
જીવ ભોગવે દુઃખે-સુખે, તેથી કરમ તે મૂર્ત છે. ૧૩૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

કરવાથી, ગ્રહણ કરવાની ઈચ્છા ન થાય તોપણ મારે તેને પરાણે મોક્ષ લઈ જવો પડે છે; માટે મને ગ્રહણ કરવા પહેલાં એ વિચાર કરવો કે મોક્ષ જવાની ઈચ્છા ફેરવવી હશે તોપણ કામ આપવાની નથી. મને ગ્રહણ કરવા પછી તો મારે તેને મોક્ષે પહોંચાડવો જ જોઈએ....એ મારી પ્રતિજ્ઞા છે.'—આમ કહી શ્રીમદ્ રાજચંદ્રજીએ સમ્યક્ત્વનો મહિમા બતાવ્યો છે અને તેને મોક્ષનું મૂળ કહ્યું છે. સમ્યક્ત્વ અંગીકાર કરે ને મોક્ષ ન થાય એમ બને નહિ; ને સમ્યક્ત્વ વગર મોક્ષ થઈ જાય એમ પણ બને નહિ. માટે પરમ યત્નથી સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ઉપદેશ છે. (ક્રમશઃ)

❋

(અનુસંધાન પેજ નં. ૧૦ થી ચાલુ)

અવતાર મળ્યો ને ભગવાન આત્માની ચૈતન્યલક્ષ્મીની પ્રીતિ ન કરતાં આ જડ લક્ષ્મીમાં મોહી પડ્યો. જીવ પોતાના આત્માને છેતરી રહ્યો છે. સ્વરૂપની ચૈતન્યલક્ષ્મીની પ્રીતિમાં ધર્મીને લક્ષ્મીની રુચિ ઊડી ગઈ છે, લક્ષ્મીને પર જાણી છે, તે ક્ષણિક છે એમ જાણ્યું છે ને પોતાના ધ્રુવ ચૈતન્યની રુચિ થઈ છે, એવા ધર્મીને લક્ષ્મી ઉપરની રુચિથી રાગ-દ્વેષ થતા નથી. ભગવાન આત્મા પોતે એક સમયમાં ત્રણ કાળ—ત્રણ લોકની લક્ષ્મીને જાણનારો છે. એવા આત્માની રુચિ ને ઓળખાણની દરકાર ન કરી ને જડ લક્ષ્મીની જ મમતામાં રોકાઈ ગયો, તે જીવનું મનુષ્યપણું નિષ્ફળ છે. જેને ચૈતન્યના ધ્રુવ ચિદાનંદ ચમત્કારનો મહિમા ભાસ્યો છે તેને ચૈતન્યની પ્રીતિ કરતાં જગતમાં કોઈ ચીજની વિશેષ પ્રીતિ હોય નહિ, ટાણું આવ્યે દેવ, ગુરુ, ધર્મની ભક્તિ પ્રભાવના વગેરે પ્રસંગે પણ લક્ષ્મી વગેરેની અર્પણતાનો ભાવ ન આવે તો તે માયાવી છે, તેને ધર્મનો પ્રેમ નથી. અહો ! ચૈતન્યનો મહિમા કરીને રાગનો અભાવ કરવાના ટાણા આવ્યા, તેવા પ્રસંગે લક્ષ્મી વગેરેની મમતામાં અટકાય ને ધર્માત્માને દેખીને પાત્ર દાન વગેરેમાં લક્ષ્મી ખર્ચવાનો ભાવ પણ ન આવે તો તેનું મનુષ્યપણું અને લક્ષ્મી બન્ને નિષ્ફળ છે. તેનો આત્મા ઠગાય છે. અજ્ઞાની માને કે મેં દુનિયાને ઠગીને લક્ષ્મી ભેગી કરી પણ ખરેખર તો તેનો આત્મા ઠગાયો છે. (ક્રમશઃ)

❋

છે રાગભાવ પ્રશસ્ત, અનુકંપાસહિત પરિણામ છે,
મનમાં નહીં કાલુષ્ય છે, ત્યાં પુણ્ય-આસ્રવ હોય છે. ૧૩૫. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

## શ્રી નાટક સમયસાર
## કર્તા-કર્મ અધિકારનો સાર,

કરવું તે ક્રિયા, કરવામાં આવે તે કર્મ, જે કરે તે કર્તા છે. અભિપ્રાય એ છે કે જે ક્રિયાનો વ્યાપાર કરે અર્થાત્ કામ કરનારને કર્તા કહે છે, જેમાં ક્રિયાનું ફળ રહે છે અર્થાત્ કરેલા કામને કર્મ કહે છે, જે કાર્ય કરવામાં આવે તેને ક્રિયા કહે છે. જેમ કે કુંભાર કર્તા છે, ઘડો કર્મ છે અને ઘડો બનાવવાની વિધિ ક્રિયા છે. અથવા જ્ઞાનીરામ કેરી તોડે છે, આ વાક્યમાં જ્ઞાનીરામ કર્તા, કેરી કર્મ અને તોડવું તે ક્રિયા છે.

યાદ રાખવું કે ઉપરના બે દૃષ્ટાંતોમાં જે સ્પષ્ટ કર્યું છે તે ભેદ-વિવક્ષાથી છે, કારણ કે કર્તા કુંભાર જુદો પદાર્થ છે, કર્મ ઘડો જુદો પદાર્થ છે, ઘડાની રચનારૂપ ક્રિયા જુદી છે. આ જ રીતે બીજા વાક્યમાં જ્ઞાનીરામ કર્તા જુદો છે, કેરી કર્મ જુદું છે અને તોડવાની ક્રિયા જુદી છે. જેવી રીતે ભેદ-વ્યવહારમાં કર્તા-કર્મ-ક્રિયા ભિન્ન રહે છે, તેમ અભેદ-દૃષ્ટિમાં નથી હોતું, એક જ પદાર્થમાં કર્તા-કર્મ-ક્રિયા ત્રણે રહે છે. જેમ કે "ચિદ્ભાવ કર્મ ચિદેશ કર્તા ચેતના કિરિયા તહાં" અર્થાત્ ચિદેશ આત્મા કર્તા ચૈતન્યભાવ કર્મ અને ચેતના (જાણવું) ક્રિયા છે, અથવા માટી કર્તા, ઘડો કર્મ અને માટીનું પિંડપર્યાયમાંથી ઘટપર્યાયરૂપ થવું તે ક્રિયા છે. આ અધિકારમાં કર્તા-કર્મ-ક્રિયા શબ્દ ક્યાંક ભેદદૃષ્ટિથી અને ક્યાંક અભેદદૃષ્ટિથી આવ્યા છે, તેથી ખૂબ ગહન વિચારપૂર્વક સમજવું.

અજ્ઞાનની દશામાં જીવ શુભાશુભ કર્મ અને શુભાશુભ પ્રવૃત્તિને પોતાની માને છે અને તેનો કર્તા પોતે બને છે, પરંતુ ખૂબ ધ્યાન રાખો કે લોકમાં અનંત પૌદ્ગલિક કાર્માણવર્ગણાઓ ભરેલી છે, આ કાર્માણવર્ગણાઓમાં એવી શક્તિ છે કે આત્માના રાગ-દ્વેષનું નિમિત્ત પામીને તે કર્મરૂપ થઈ જાય છે. તેથી સ્પષ્ટ છે કે જ્ઞાનાવરણીય આદિ કર્મ પુદ્ગલરૂપ છે, અચેતન છે, પુદ્ગલ જ એનો કર્તા છે—આત્મા નહીં, હા, રાગ-દ્વેષ-મોહ આત્માના વિકાર છે. એ આત્મ-જનિત છે અથવા પુદ્ગલ-જનિત છે. એનું બૃહદ્ દ્રવ્યસંગ્રહમાં ઘણું સારું સમાધાન કર્યું છે, તે આ રીતે છે કે—જેમ સંતાનને ન તો એકલી માતાથી જ ઉત્પન્ન કહી શકીએ અને ન એકલા પિતાથી ઉત્પન્ન કહી શકીએ, પરંતુ બંનેના સંયોગથી સંતાનની ઉત્પત્તિ છે. તેવી જ રીતે રાગ-દ્વેષ-મોહ ન તો એકલો આત્મા

> અર્હંત-સાધુ-સિદ્ધ પ્રત્યે ભક્તિ, ચેષ્ટા ધર્મમાં,
> ગુરુઓ તણું અનુગમન—એ પરિણામ રાગ પ્રશસ્તના. ૧૩૬. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

ઉપજાવે છે અને ન એકલું પુદ્ગલ પણ ઉપજાવે છે. જીવ અને પુદ્ગલ બંનેના સંયોગથી રાગ-દ્વેષ-મોહ ભાવકર્મની ઉત્પત્તિ છે. જો એકલા પુદ્ગલથી રાગ-દ્વેષ ઉત્પન્ન થાય તો કલમ, કાગળ, ઈંટ, પથ્થર આદિમાં પણ રાગ-દ્વેષ-મોહ હોત, જો એકલા આત્માથી ઉત્પન્ન થાય તો સિદ્ધ આત્મામાં પણ રાગ-દ્વેષ હોત. વિશેષ લખવાથી શું? રાગ-દ્વેષ-મોહ પુદ્ગલ અને આત્મા બન્નેના સંયોગથી છે, જીવ-પુદ્ગલ પરસ્પર એકબીજાને માટે નિમિત્ત-નૈમિત્તિક છે, પરંતુ આ ગ્રંથ નિશ્ચયનયનો છે તેથી અહીં રાગ-દ્વેષ-મોહને પુદ્ગલજનિત બતાવ્યા છે એ આત્માનું નિજસ્વરૂપ નથી. એવી જ રીતે શુભાશુભ ક્રિયા પૌદ્ગલિક કર્મોના ઉદયથી જીવમાં થાય છે, તેથી ક્રિયા પણ પુદ્ગલજનિત છે. સારાંશ એ કે શુભાશુભ કર્મ અથવા શુભાશુભ ક્રિયાને આત્માનાં માનવાં અને તે બન્નેનો કર્તા જીવને ઠરાવવો એ અજ્ઞાન છે. આત્મા તો પોતાના ચિદ્ભાવ કર્મ અને ચૈતન્ય ક્રિયાનો કર્તા છે અને પુદ્ગલ કર્મોનો કર્તા પુદ્ગલ જ છે. મિથ્યાત્વના ઉદયથી જીવ શાતા-અશાતા આદિ કર્મ અને દયા, દાન, પૂજા અથવા વિષય-કષાયાદિ શુભાશુભ ક્રિયામાં અહંબુદ્ધિ કરે કે મારાં કર્મ છે, મારી ક્રિયા છે, આ મિથ્યાભાવ છે, બંધનું કારણ છે, બંધ-પરંપરાને વધારે છે અને શુભાશુભક્રિયામાં અહંબુદ્ધિ ન કરવી અર્થાત્ પોતાની ન માનવી અને તેમાં તન્મય ન થવું—એ સમ્યક્-સ્વભાવ છે—નિર્જરાનું કારણ છે.

---

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૧મી જન્મજયંતી (તા. ૮-૮-૨૦૧૪ થી તા. ૧૨-૮-૨૦૧૪)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના પ્રૌઢ શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૫-૮-૨૦૧૪, મંગળવારથી તા. ૨૪-૮-૨૦૧૪, રવિવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિ:શુલ્ક રાખેલ છે.

---

**દુઃખિત, તૃષિત વા ક્ષુધિત દેખી દુઃખ પામી મન વિષે**
**કરુણાથી વર્તે જેહ, અનુકંપા સહિત તે જીવ છે. ૧૩૭. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)

ખરેખર તો કૃપાળુ ગુરુદેવ આ બધાં કાર્યના ‘કર્તા’ હતા જ નહિ, તેઓશ્રી તો અંદર કેવળ તેના જ્ઞાતા જ હતા. તેમની દૃષ્ટિ અને જીવન આત્માભિમુખ હતાં. બહારનાં કાર્યો ‘અકર્તા’ભાવે–જ્ઞાતાભાવે સહજપણે થઈ ગયાં હતાં. સ્વાનુભૂતિસમન્વિત ભેદજ્ઞાનધારામાંથી વહેતા શુદ્ધાત્મ-દૃષ્ટિજનક અધ્યાત્મોપદેશ દ્વારા આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો એ જ ખરેખર તેઓશ્રીનો આપણા ઉપર અસાધારણ મહાન મહાન મુખ્ય ઉપકાર છે. તેઓશ્રી વારંવાર કહેતા : આ અલ્પાયુષી મનુષ્યભવમાં નિજ કલ્યાણ સાધવું તથા તેના કારણભૂત સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એ જ પરમ કર્તવ્ય છે. સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અપાર છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે : ‘અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.’ અરેરે ! આ ભવાંતકારી સમ્યગ્દર્શન—નિજ શુદ્ધાત્મદર્શન—વિના અનાદિકાળથી અનંત અનંત જીવો સંસારપરિભ્રમણનાં દુઃખો વેઠી રહ્યા છે, જીવ ગમે તેટલા વ્રત-તપ વગેરે ક્રિયાકાંડ કરે કે શાસ્ત્રોનું જાણપણું કરે, પણ જ્યાં સુધી રાગ ને પરલક્ષી જ્ઞાનની દૃષ્ટિ તથા તેનો મહિમા ત્યજીને અંદર ત્રિકાળી આત્મસ્વભાવનો મહિમા સમજે નહિ, અંતર્મુખ દૃષ્ટિ કરે નહિ, ત્યાં સુધી તેની ગતિ સંસાર તરફ છે. તેમાંથી જે કોઈ વિરલ જીવ સુગુરુગમે તત્ત્વ સમજીને અપૂર્વ પુરુષાર્થપૂર્વક પોતાની પરિણતિ અંતર્મુખ ફેરવી સમ્યગ્દર્શન–નિજ શુદ્ધાત્માનુભૂતિ—પ્રાપ્ત કરી લે તેણે જ ખરેખર, સંસારમાર્ગે ચાલતા ટોળામાંથી છૂટા પડી, મોક્ષના માર્ગ પર પોતાનું પ્રયાણ આદર્યું છે. ભલે તે ધીમી ગતિએ ચાલતો હોય, અસંયમદશા હોય, અંદર સાધનાનો—ઠરી જવાનો ઉગ્ર પુરુષાર્થ ન હોય, તોપણ તેની દિશા મોક્ષ તરફની છે, તેની જાતિ મોક્ષમાર્ગી છે.

**મદ-ક્રોધ અથવા લોભ-માયા ચિત્ત-આશ્રય પામીને**
**જીવને કરે જે ક્ષોભ, તેને કલુષતા જ્ઞાની કહે. ૧૩૮. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

સમ્યદર્શનનું આવું અદ્‌ભુત માહાત્મ્ય કલ્યાણાર્થીના હૃદયમાં ઠસી જવું જોઈએ.

અહા! માત્ર સમ્યગ્દષ્ટિ તરીકેનું આટલું માહાત્મ્ય છે, તો પછી ભવસાગર તરી જવાનો અમોઘ ઉપાય બતાવનાર એવા પ્રત્યક્ષ-ઉપકારી સમ્યગ્દષ્ટિના માહાત્મ્યની તો શી વાત? એવા આપણા પરમ-ઉપકારી સમ્યગ્દષ્ટિ સાતિશય-માહાત્મ્યવંત કૃપાળુ કહાનગુરુદેવ પ્રત્યે તો આપણું સર્વસ્વ ન્યોછાવર કરી દઈએ તો તે પણ ઓછું છે.

પૂજ્ય ગુરુદેવે 'ભગવાન આત્મા....ભગવાન આત્મા....જ્ઞાયક' એવા જ્ઞાયકદેવનો મીઠો રણકાર હંમેશાં જીવનપર્યંત ગજાવ્યો. ભૌતિક જગતની અંદર જ્યાં મોટો જનસમુદાય આત્માના અસ્તિત્વની બાબતમાં પણ શંકાશીલ છે, ત્યાં ગુરુદેવે યુક્તિ તેમ જ સ્વાનુભવના અત્યંત જોરપૂર્વક ભેરી બજાવી કે—એક જ્ઞાયક આત્મા જ હું છું, હું સર્વની ઉપર તરતો પરમ પદાર્થ છું. તેઓશ્રી મસ્તીથી ગાતા કે—'પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલંઘી હો જાય જિનેશ્વર.' તેમને આશ્ચર્ય થતું કે આ, અંતરદષ્ટિ સામે જ, પરમ નિધાન—સમૃદ્ધિભરપૂર જ્ઞાયકતત્ત્વ–પડ્યું છે તેને ઓળંગીને–તેને ટપી જઈને—જગત કેમ ચાલ્યું જાય છે? 'આ વસ્તુ ખરી', 'આ વસ્તુ અહીં આ દેખાય' એમ દશ્ય વસ્તુને તે દેખે છે, પણ તેના દેખનારને તે કેમ દેખતું નથી?—કેમ ઓળંગી જાય છે?

સર્વ દશ્ય વસ્તુઓના દ્રષ્ટાની—પરમ નિધાનની—સ્વાનુભવયુક્ત પ્રતીત ગુરુગમથી થાય છે. અહા! એવા એ પવિત્ર ગુરુગમના દાતા આપણા પરમોપકારી ગુરુદેવ આપણા સૌભાગ્યે આપણને મળ્યા.

પૂજ્ય ગુરુદેવ ફરમાવતા કે વિશ્વનાં સર્વ દ્રવ્યો પૂરેપૂરાં સ્વતંત્ર છે. સૌ દ્રવ્યનાં ગુણ-પર્યાયો અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય જુદે જુદાં છે. આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યો સાથે કાંઈ સંબંધ નથી. આત્મા અન્ય પદાર્થોથી તદ્દન ભિન્ન રહીને પોતાના શુભ, અશુભ કે શુદ્ધ ભાવને પોતે જ કરે છે. અહીં સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થતો કે "(શ્રી પ્રવચનસારશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે) શુભ કે અશુભમાં પ્રણમતાં 'શુભ કે અશુભ' આત્મા બને" એમ આપ કહો છો અને સાથે સાથે "આત્મા 'સદા શુદ્ધ' રહે છે, જે શુદ્ધતાનો આશ્રય કરવો તે મોક્ષમાર્ગ છે" એમ પણ આપ ફરમાવો છો; આ બન્ને વાતનો મેળ કઈ રીતે છે?

**સૌ દ્રવ્યમાં નહિ રાગ-દ્વેષ-વિમોહ વર્તે જેહને,**
**શુભ-અશુભ કર્મ ન આસ્રવે સમદુઃખસુખ તે ભિક્ષુને. ૧૪૨.** —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

આ અત્યંત અત્યંત અગત્યની વાતનું સ્પષ્ટીકરણ ગુરુદેવ આ પ્રમાણે કરતા :— સ્ફટિકમણિ લાલ વસ્ત્રના સંયોગે લાલ થાય છે ત્યારે પણ તેની નિર્મળતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સામર્થ્ય-અપેક્ષાએ—શક્તિ-અપેક્ષાએ તે નિર્મળ રહ્યો છે; તે લાલાશરૂપે અવશ્ય પરિણમ્યો છે, તે લાલાશ સ્ફટિકની જ છે, વસ્ત્રની બિલકુલ નહી; પરંતુ તે લાલાશ લાલરંગના ભૂકાની, હિંગળાની કે કંકુની લાલશ જેવી નથી; લાલ દશા વખતે પણ સામર્થ્યરૂપ નિર્મળતા મોજૂદ છે. તેવી રીતે આત્મા કર્મના નિમિત્તે શુભભાવરૂપ કે અશુભભાવરૂપ થાય છે ત્યારે પણ તેની શુદ્ધતા સર્વથા નષ્ટ થઈ ગઈ નથી, સામર્થ્ય-અપેક્ષાએ—શક્તિ-અપેક્ષાએ તે શુદ્ધ રહ્યો છે; તે શુભાશુભભાવરૂપે અવશ્ય પરિણમ્યો છે, તે શુભાશુભપણું આત્માનું જ છે, કર્મનું બિલકુલ નહિ; પરંતુ શુભાશુભ દશા વખતે પણ સામર્થ્યરૂપ શુદ્ધતા મોજૂદ છે. જેવી રીતે સ્ફટિકમણિને લાલ થયેલો દેખીને બાળક રડવા માંડે કે 'અરેરે ! મારો સ્ફટિકમણિ સર્વથા મેલો થઈ ગયો' પરંતુ ઝવેરી લાલાશ સમયે જ મોજૂદ રહેલી નિર્મળતાને મુખ્યતાપૂર્વક જાણતો હોવાથી તે નિર્ભય રહે છે; તેવી રીતે આત્માને શુભાશુભભાવરૂપે પરિણમતો દેખીને અજ્ઞાની તેને સર્વથા મેલો થઈ ગયેલો માનીને દુઃખી દુઃખી થઈ જાય છે પરંતુ જ્ઞાની શુભાશુભપણા સમયે જ મોજૂદ રહેલી શુદ્ધતાને મુખ્યતાપૂર્વક જાણતો હોવાથી તે નિર્ભય રહે છે.

સામર્થ્ય કહો, શક્તિ કહો, સામાન્ય કહો, જ્ઞાયક કહો, ધ્રુવત્વ કહો, દ્રવ્ય કહો કે પરમપારિણામિક ભાવ કહો—એ બધાં એકાર્થ છે એમ ગુરુદેવ ફરમાવતા.

(ક્રમશઃ) ❋

---

આપણે માટે કેવા મહાભાગ્યની વાત છે કે, આવો હળહળતો પંચમકાળ હોવા છતાં જેમની છાયામાં આત્મહિત સાધી શકાય એવા સાક્ષાત્ સંતોનો સુયોગ મળ્યો....તો હવે એ સુયોગ કેમ સફળ થાય તે માટે હે જીવ ! તું દિનરાત સંભાળ કર આવા મહાન સુયોગમાં એક ક્ષણ પણ પ્રમાદ કરવા જેવો નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

જ્યારે ન યોગે પુણ્ય તેમ જ પાપ વર્તે વિરતને,
ત્યારે શુભાશુભકૃત કરમનો થાય સંવર તેહને. ૧૪૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

# સ્વાધ્યાયમંદિરમાં લખેલ સુવાક્યો

(ધન્ય તે દિવસ વૈશાખ વદ ૮, વિ.સં. ૧૯૯૪ (તા. ૨૨-૫-૧૯૩૮) કે જે દિવસે ભક્તોના તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સ્ટાર ઑફ ઇન્ડિયાથી સ્વાધ્યાયમંદિરમાં પધાર્યા તે પ્રસંગે તદ્‌ભક્ત પૂજ્ય બહેનશ્રીના હસ્તે શ્રી સમયસારજીની સ્થાપના થઈ હતી. આ સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન અને શ્રી સમયસારજીની સ્થાપનાના શુભ પ્રસંગે તેની દિવાલો પર લખેલ (૭૭ વર્ષ પહેલા) બોધપ્રેરક વચનો અહીં આપવામાં આવે છે.)

✍ કલ્પવૃક્ષ સમા શ્રી કહાનગુરુદેવની શીતળ છાયામાં જે સત્ જીવન જિવાય છે, તે જીવન ધન્ય છે.

✍ वस्तु विचारत ध्यावतैं, मन पावै विश्राम;
रस स्वादत सुख उपजै, अनुभव याको नाम। —नाटक समयसार

✍ વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;
નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. —સમયસાર

✍ શુદ્ધ પ્રકાશની અતિશયતાને લીધે જે સુપ્રભાત સમાન છે અને આનંદમાં સુસ્થિત અચળ જેની જ્યોત છે એવો આ આત્મા સદા ઉદયમાન હો. આ અનેકાંતપૂર્ણ જ્ઞાનવચનમય મૂર્તિ સદા પ્રકાશમાન હો.

✍ **सद्धर्मवृद्धिरस्तु** (સત્‌ધર્મની વૃદ્ધિ હો.)
**समयसार जिनराज है, स्याद्‌वाद जिनवैन।**

✍ **न खलु समयसाराद उत्तरं किंचिदस्ति।**
સમયસારથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી. —આત્મખ્યાતિ

✍ હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે ! —સમયસાર

✍ સ્વરૂપસ્થિત સદ્‌ગુરુદેવનો પ્રભાવના-ઉદય જગતનું કલ્યાણ કરો ! જયવંત વર્તો !

✍ એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. —આત્મસિદ્ધિશાસ્ત્ર

✍ એ જીવ કેમ ગ્રહાય ? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;
પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. —સમયસાર

**સંવર સહિત, આત્મપ્રયોજનનો પ્રસાધક આત્મને
જાણી, સુનિશ્ચળ જ્ઞાન ધ્યાવે, તે કરમરજ નિર્જરે. ૧૪૫.** —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

✍ करै करम सोई करतारा;
जो जानै सो जानन हारा। —नाटक समयसार

✍ दंसणमूलो धम्मो। ધર્મનું મૂળ દર્શન છે. —દર્શન પ્રાભૃત

✍ આત્મા પોતાપણે છે અને પરપણે નથી એવી જે દૃષ્ટિ તે જ ખરી અનેકાન્તદૃષ્ટિ છે.

✍ દુર્લભ મનુષ્યપણું પામીને જે વિષયોમાં રમે છે, તે રાખને માટે રત્નને બાળે છે. —કાર્તિકેયાનુપ્રેક્ષા

✍ મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે;
મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. —સમયસાર

✍ एक परिनाम के न करता दरव दोइ,
दोइ परिनाम एक दर्व न धरतु है।
एक करतूति दोइ दर्व कबहूं न करै,
दोइ करतूति एक दर्व न करतु है॥ —नाटक समयसार

✍ तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता।
निश्चितं स भवेद्भव्यो भाविनिर्वाण भाजनम्॥ —पद्मनंदिपंचविंशतिका

✍ દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યગ્દૃષ્ટિ છે.

✍ भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. —આત્મખ્યાતિ

✍ જૈન ધર્મને કાળની મર્યાદામાં કેદ કરી શકાય નહિ.

✍ "મોક્ષમાં તેમજ બંધમાં, સમસ્ત વિચિત્ર મૂર્ત દ્રવ્યજાળ શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે" એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે. આ જગતપ્રસિદ્ધ સત્યને, હે ભવ્ય! તું સદા જાણ. —નિયમસાર

✍ જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. —શ્રીમદ્ રાજચંદ્ર

✍ ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. —શ્રીમદ્ રાજચંદ્ર

✍ ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જ્વલ આત્માઓનો સ્વતઃવેગ

**જો આતમા ઉપરક્ત કરતો અશુભ વા શુભ ભાવને,**
**તો તે વડે એ વિવિધ પુદ્ગલકર્મથી બંધાય છે. ૧૪૭. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

વૈરાગ્યમાં ઝંપલાવવું એ છે. —શ્રીમદ્ રાજચંદ્ર

✍ નિમિત્તની અપેક્ષા લેવામાં આવે તો બંધ-મોક્ષ બે પડખાં પડે છે અને તેની અપેક્ષા ન લેતાં એકલું નિરપેક્ષ તત્ત્વ જ લક્ષમાં લેવામાં આવે તો સ્વપર્યાય પ્રગટે છે. —ગુરુદેવ

✍ જે આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત દેખે છે તે સમગ્ર જિનશાસનને દેખે છે. —સમયસાર

✍ હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું. વિકલ્પનો એક અંશ પણ મારો નથી એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે; અને વિકલ્પનો એક અંશ પણ મને આશ્રયરૂપ છે—એવો પરાશ્રયભાવ રહે તે બંધનું કારણ છે. —ગુરુદેવ

✍ શુભાશુભ પરિણામનું સ્વામિત્વ તે મિથ્યાદર્શન છે.

✍ **पर्ययमूढा हि परसमयाः। वत्थुसहावो धम्मो।**
વસ્તુસ્વભાવ તે ધર્મ.

✍ જ્ઞાનથી જ રાગદ્વેષ નિર્મૂળ થાય છે. જ્ઞાનનું મુખ્ય સાધન વિચાર છે; વિચારદશાનું મુખ્ય સાધન સત્પુરુષનાં વચનનું યથાર્થ ગ્રહણ છે.

✍ તે ઉત્કૃષ્ટ તેજ-પ્રકાશ અમને હો કે જે તેજ સદાકાળ ચૈતન્યના પરિણમનથી ભરેલું છે. —આત્મખ્યાતિ

✍ જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે, તેને આત્માના ધર્મની રુચિ નથી. —ગુરુદેવ

✍ એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી (અસ્તિ-નાસ્તિ આદિ) પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. —આત્મખ્યાતિ

✍ સંસારના વિષવૃક્ષને ક્ષણમાત્રમાં ક્ષય કરાવનાર, મહા સુખસાગરનો સમ્યક્ માર્ગ પ્રાપ્ત કરાવનાર, અતુલ મહિમાના ધારી, પરમોપકારી શ્રી ગુરુદેવનાં ચરણકમળમાં પરમ ભક્તિથી નમસ્કાર વારંવાર નમસ્કાર.

✍ દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ. —ગુરુદેવ

✍ આ જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે, સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક પુરુષોએ સાધ્યસાધકભાવના ભેદથી બે પ્રકારે, એક જ નિત્ય સેવવાયોગ્ય છે; તેનું સેવન કરો. —આત્મખ્યાતિ

**કર્મો-અભાવે સર્વજ્ઞાની સર્વદર્શી થાય છે,**
**ને અક્ષરહિત, અનંત, અવ્યાબાધ સુખને તે લહે. ૧૫૧.** —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

- ચેતન પદાર્થની ક્રિયા ચેતનમાં હોય, જડમાં ન હોય.
- પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. —ગુરુદેવ
- જેમના જ્ઞાનસરોવરમાં સર્વ વિશ્વ માત્ર કમળ તુલ્ય ભાસે છે એવા ભગવાન શ્રી સીમંધર આદિ જિનેન્દ્રદેવોને પરમ ભક્તિથી વંદન હો, વારંવાર વંદન હો.
- સર્વગુણાંશ તે સમ્યકૃત્વ
- જ્ઞાન તેનું નામ કે જે આસ્રવોથી નિવર્તે.
- હવે પછીની અનંત કાળાવલી આત્મતત્ત્વના ભોગવટામાં જ વહો.
- શુદ્ધ જ્ઞાનને દેહ જ નથી.
- ભારતવર્ષના આંગણે જેમણે શ્રુતામૃતના ધોરિયા વહેવડાવ્યા છે અને વીતરાગ ધર્મનો ઉદ્યોત કર્યો છે એવા પરમકૃપાળુ શ્રી સદ્ગુરુદેવને અત્યંત અત્યંત ભક્તિથી નમસ્કાર.
- ભવાવર્તમાં પૂર્વે કદી નહિ ભાવેલી ભાવના હવે ભાવો.
- પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય મતિમાન.
- સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર.
- અહો ! પરમોપકારી કહાનગુરુદેવનું દ્રવ્ય મંગળ છે. તેમનું અલૌકિક શ્રુતજ્ઞાન અને અમૃતમય વાણી મંગળ છે. ગુરુદેવનાં સર્વકાર્ય મંગળસ્વરૂપ છે. ગુરુદેવ જ્યાં વસ્યા, બિરાજ્યા તે ભૂમિ અને આસન સર્વ મંગળ છે. મહિમાવંત ગુણોથી ભરેલા મંગળમૂર્તિ ગુરુદેવને પરમભક્તિથી નમસ્કાર.
- ગુરુદેવથી શોભતી-પાવન થયેલી-ધન્ય આ સુવર્ણપુરી ! ધન્ય આ સ્વાધ્યાયમંદિર ! ગુરુદેવ પરમ પુરુષ હતા. તેમની વાણી ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત ! એમનાં પવિત્ર પુણ્યની પણ શોભા કોઈ ન્યારી ! આપણાં મહાભાગ્ય કે ગુરુદેવ ભરતક્ષેત્રમાં અહીં જન્મ્યા.
- મહાપુરુષો જ્યાં વિચરે ને વસે તે ભૂમિ તીર્થસ્વરૂપ છે. ગુરુદેવે સોનગઢનો કણેકણ પાવન કરેલ છે, અહીં વર્ષો સુધી વસવાટ કર્યો છે; નિત્ય વાણી વરસાવી છે; તેથી આપણા માટે આ ભૂમિ પાવન તીર્થ છે.

---

**દગજ્ઞાનથી પરિપૂર્ણ ને પરદ્રવ્યવિરહિત ધ્યાન જે,**
**તે નિર્જરાનો હેતુ થાય સ્વભાવપરિણત સાધુને. ૧૫૨. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—ભાવલિંગી મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને શુભભાવ આવે છે, તો તે પણ મોક્ષમાર્ગ છે ? શું તેને તે ભલો અને સુખરૂપ લાગે છે ? જો નહિં તો કેમ ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાવલિંગી મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ આવે છે તે પ્રમાદ છે, શાસ્ત્રમાં તેને જગપંથ કહ્યો છે. સ્વરૂપમાં ઠરી જવું એ જ મુનિદશા છે, એમાંથી શુભરાગમાં આવવું ગોઠતું નથી. જેમ ચક્રવર્તીને પોતાના સુખદાયી મહેલમાંથી બહાર આવવું ગમતું નથી તેમ ચૈતન્યમહેલમાં જે વિશ્રાંતિથી બેઠા છે તેને એ સુખદાયી ચૈતન્યમહેલમાંથી બહાર આવવું ગમતું નથી. અશુભરાગ તો પાપરૂપ ઝેર છે પણ શુભરાગ પણ દુ:ખરૂપ બંધન છે. આત્મા અતીન્દ્રિય જ્ઞાનાનંદની મૂર્તિ છે એવા સ્વરૂપની ઓળખાણ થઈ છે તેને સ્વરૂપમાંથી બહાર આવવું ગમતું નથી. જેને ૯૬ હજાર રાણીઓ, ૯૬ કરોડ ગામ ને ૧૬ હજાર દેવો સેવા કરનાર છે એવી સાહ્યબીમાં પડેલાં ચક્રવર્તી મળને છોડે તેમ વિભૂતિને ક્ષણમાં છોડી આનંદનો ઉગ્ર સ્વાદ લેવા વનમાં ચાલી નીકળે છે. એ અતીન્દ્રિય આનંદનો ઉગ્ર–પ્રચૂર સ્વાદ લેનારને શુભરાગમાં આવવું મુશ્કેલ લાગે છે, બોજો લાગે છે, બહાર આવવું ગમતું નથી. શાસ્ત્ર રચવાનો કે ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે પણ તે બોજારૂપ લાગે છે.

શ્રોતા :—સમ્યગ્દર્શન થયા પછી સાધુપણા માટે વ્રતાદિ તો કરવા પડશે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ ! સાધુપણું બહારથી કે વ્રતાદિના વિકલ્પોથી આવતું નથી, અતીન્દ્રિય આનંદની જમાવટ થાય તે સાધુપણું છે, પણ વ્રતાદિ કરવા પડે તે સાધુપણું નથી. આનંદની ઉગ્ર જમાવટ થતાં વ્રતાદિના વિકલ્પો પણ સહજ હોય છે પણ અંદરમાં સ્થિરતા થવી તે સાધુપણું છે.

શ્રોતા :—મહાવ્રતના ભાવ ભલે બંધનું કારણ હોય પણ મુનિઓને સહજ તે ભાવ આવે છે, તેનો નિષેધ કેમ હોય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મહાવ્રતના ભાવો મુનિઓને ભલે સહજ આવે તોપણ તે નિષેધવા યોગ્ય છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✻ શ્રોતા :—હું જ્ઞાયક જ છું એમ પરથી જુદા પડવાનું છે ?

પૂજ્ય બહેનશ્રી :—તેના વિચારની વિધિમાં ગમે તે આવે, પણ તેણે ગ્રહણ એક જ્ઞાયકને જ કરવાનો છે. વિચાર-વિધિમાં ક્રમ પડે કે જ્ઞેય તે હું નથી, આ રાગ તે હું નથી, આ જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદ તે હું નથી. જ્ઞાન છે તે જ્ઞાનરૂપે જ પરિણમે છે, પરરૂપે નથી પરિણમતું. તથા ગુણ–ગુણીના ભેદ પણ પડે. આમ વિચારની વિધિમાં ક્રમ પડે, પણ ગ્રહણ તો એક જ્ઞાયકને કરવાનો છે. કોઈને દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર આવે, કોઈને ઉત્પાદ-વ્યય-ધ્રુવના વિચાર આવે, ને કોઈને જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એમ ભેદ પાડીને વિચાર આવે, ગમે તે રીતે ગમે તે શબ્દમાં વિચાર આવે, પણ ગ્રહણ એકને કરવાનો છે. જ્ઞાયકને જ્ઞેયથી જુદો પાડવો, વિભાવથી જુદો પાડવો ને ગુણ-ભેદથી–પર્યાયભેદથી પણ જુદો પાડવો કેમ કે વાસ્તવિક દ્રવ્યમાં ગુણભેદ કે પર્યાયભેદ નથી, મૂળ વસ્તુમાં ભેદ નથી. ગ્રહણ એકને કરવાનો છે. વિચારવિધિમાં એવી રીતે આગળ-આગળ ક્રમ પડે છે કે પહેલાં સ્થૂલ થતો થતો સૂક્ષ્મ-સૂક્ષ્મ થતો જાય. પ્રથમ જ્ઞેયથી જુદો પડ્યો તે સ્થૂલ જુદો પડ્યો. પછી રાગથી જુદો પડ્યો તે જરા તેનાથી આગળ ચાલ્યો. ત્યાર પછી ગુણભેદ–પર્યાયભેદથી જુદો પડ્યો તે ઉપયોગ સૂક્ષ્મ થયો અને તેનાથી સૂક્ષ્મ એક દ્રવ્યને ગ્રહણ કરવું તે છે.

✻ શ્રોતા :—સ્વાનુભૂતિ કરવી એ આપને સહજ લાગે છે, પણ અમને ઘણી મૂંઝવણ થયા કરે છે. તેથી વારંવાર આ ને આ પ્રશ્ન આવે છે કે પ્રયત્ન કેમ કરવો ?

પૂજ્ય બહેનશ્રી :—એમ નિરાશ થવાનું કાંઈ કારણ નથી. ભાવના હોય એટલે એમ વિચારો આવ્યા કરે. ભાવના હોય એટલે પ્રશ્નો પણ આવ્યા કરે. જેને પોતાને અંતરમાં જિજ્ઞાસા હોય તેને પ્રયત્ન કેમ કરવો એવા પ્રશ્નો આવ્યા કરે.

✻ શ્રોતા :—ભાવના તો પ્રબળ છે, પરંતુ સાથે એકત્વ પણ છે ?

સંવરસહિત તે જીવ પૂર્વ સમસ્ત કર્મો નિર્જરે
ને આયુવેદ્યવિહીન થઈ ભવને તજે; તે મોક્ષ છે. ૧૫૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

પૂજ્ય બહેનશ્રી :—ભાવના સાથે રાગ જોડાયેલો છે, પણ ભાવનાની પાછળ અંદરની પરિણતિ પોતા તરફ જોરદાર હોય કે મારે આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એવી પરિણતિ—એવી યોગ્યતા—અંદરમાંથી પ્રગટ થાય છે. જેને પોતાની રુચિ અંદરથી જાગે છે કે મારે આ કાંઈ જોઈતું નથી તેની રુચિ ક્યાંય ટકતી નથી, પણ એક આત્મા તરફ જ જાય છે. વર્તમાનમાં રાગ છે, પણ રાગની સાથે ભાવનાની પરિણતિ એવી જોરદાર હોય કે આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. એવી અંદરમાંથી આત્માની કોઈ અપૂર્વતા લાગે કે જેના વગર ક્યાંય તેને શાંતિ થતી નથી. જેને અંતરમાંથી એવી ભાવના લાગેલી હોય તેને પ્રાપ્ત થયા વગર રહે જ નહિ. તે પ્રાપ્ત થાય જ.

✻ શ્રોતા :—ખાસ પાત્રતા માટે શું કરવું જોઈએ ?

પૂજ્ય બહેનશ્રી :—અંતરમાં એવી પાત્રતા હોવી જોઈએ કે આત્મા પ્રાપ્ત કર્યે જ છૂટકો થાય એવી રુચિની પરિણતિ પહેલાં પોતા તરફ જાય ને તે પરિણતિ જ પોતાને જોરથી આત્મા તરફ ખેંચી લાવે. રાગ વગરની વસ્તુ મારે જોઈએ છે એવી ભાવના જેને છે તે પોતે અંતરમાંથી પોતાની પરિણતિને પ્રગટ કર્યા વગર રહે નહિ. નહીંતર આવ્યું છે ને ? કે ''જગતને શૂન્ય થવું પડે'' પણ દ્રવ્યનો નાશ તો થતો જ નથી; તેથી પોતાની જોરદાર પરિણતિ જ પોતાને પ્રગટ કર્યા વગર રહેતી નથી. તેવો કુદરતનો સ્વભાવ છે. પરિણતિ પોતાને પોતા તરફ લાવે જ છે. 'જગતને શૂન્ય થવું પડે' એટલે કે સ્વભાવ પોતે પોતાનું કાર્ય કર્યા વગર રહે નહિ. પોતે પોતાની પરિણતિ પ્રગટ ન કરે તો વસ્તુ જ ન રહે.

✻ શ્રોતા :—ઊંડાણથી ગ્રહણ કરવું એટલે શું ?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાયક સ્વભાવ વિભાવથી જુદો છે. તેને મૂળમાંથી ગ્રહણ કરવા ઊંડાણમાં—તેના મૂળમાં—જા. જેમ વૃક્ષમાં ડાળાં—પાંદડાં છે પણ તેને ન જોતાં તેના મૂળમાં જવું જોઈએ, તેમ ઉપર ઉપરથી વિચારો ચાલે તો ન થાય; પણ સ્વભાવને ગ્રહણ કરવાથી થાય.

હું શુદ્ધાત્મા અનાદિ-અનંત છું, આ વિભાવ કે અધૂરી કે પૂર્ણ પર્યાયો જેટલો પણ હું નથી. એમ દૃષ્ટિ કરીને શુદ્ધ પર્યાયને પ્રગટ કરવાનું કાર્ય લાવવાનું છે. કાર્ય ન આવે તો દૃષ્ટિ યથાર્થ નથી.

**જે રાગથી પરદ્રવ્યમાં કરતો શુભાશુભ ભાવને,**
**તે સ્વકચરિત્રથી ભ્રષ્ટ, પરચારિત્ર આચરનાર છે. ૧૫૬. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

## બાળ વિભાગ

# માતંગ (ચાંડાલ)ની કથા

(સમ્યગ્દષ્ટિ શ્રાવકને જે અંતરંગ મિથ્યાત્વ અને અનંતાનુબંધી તથા પ્રત્યાખ્યાનસંબંધી ક્રોધ, માન, માયા, લોભનો અભાવ છે તે સંવરનું કારણ છે અને ત્યાં સ્વાશ્રય અનુસાર નિર્જરા થાય છે. અંતરંગ શુદ્ધતા તે નિશ્ચયવ્રત છે અને સાથે જે શુભભાવ છે તે વ્યવહારવ્રત છે અને તે નિશ્ચયવ્રતનું નિમિત્ત છે, કેમકે એકદેશ વીતરાગતા સાથે આવો વ્યવહાર હેયબુદ્ધિએ હોય છે. ધર્મી જીવને પાંચમા ગુણસ્થાને આવા શુભભાવ આવ્યા વગર રહેતા નથી, પરંતુ તે તેમને શ્રદ્ધામાં હેય સમજે છે.

અતિચારરહિત પાંચ અણુવ્રતનું પાલન કરવાથી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. ત્યાં અવધિજ્ઞાન, અણિમા, મહિમા, ગરીમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ—એ આઠ ઋદ્ધિઓ અને સાત ધાતુઓ રહિત દિવ્ય વૈક્રિયિક શરીર પ્રાપ્ત થાય છે. આના ઉપરથી સિદ્ધ થાય છે કે નિરતિચાર અણુવ્રતનું ફળ સંવર–નિર્જરા નથી, પણ તેનાથી પુણ્યબંધ છે, કેમ કે સ્વર્ગગતિ કાંઈ વીતરાગ ધર્મનું ફળ નથી, પરંતુ તે શુભભાવનું ફળ છે.

અહિંસાણુવ્રત, સત્યાણુવ્રત, અચૌર્યાણુવ્રત, બ્રહ્મચર્યાણુવ્રત અને પરિગ્રહપરિમાણવ્રત આ પાંચ અણુવ્રતસંબંધિત કથાઓ આ વિભાગ અંતર્ગત આપવામાં આવે છે તેમાં પ્રથમ અહિંસાણુવ્રતના પ્રભાવથી (યમપાલ) ચાંડાલ ઉત્તમ અતિ આદર–સત્કાર પામ્યો તેની કથા.)

પોદનપુર નામના સુરમ્ય દેશમાં મહાબલ નામનો રાજા હતો. નન્દીશ્વરવ્રતની અષ્ટમીના દિવસે રાજાએ જ્યારે આઠ દિવસ સુધી જીવ નહિ મારવા માટે ઘોષણા કરી (ઢંઢેરો પીટાવ્યો), ત્યારે માંસ ખાવામાં અત્યંત આસક્ત બલકુમારે, રાજાના બગીચામાં કોઈપણ પુરુષને નહિ જોઈ, રાજાના મેંઢાને છૂપી રીતે મારીને તેને સંસ્કારી (પકાવી) ખાઈ ગયો. મેંઢાને માર્યાની વાત સાંભળીને રાજા રોષે ભરાયો અને તેણે મેંઢાના મારનારને શોધવાનું શરૂ કર્યું. તે બગીચાના માળીએ વૃક્ષ ઉપર લપાઈને તે (મેંઢાને) મારતાં તેને (બલકુમારને) જોયો હતો. રાત્રે તેણે પોતાની સ્ત્રીને તે વાત કહી. પછી ગુપ્તચર પુરુષે તે સાંભળી રાજાને કહ્યું. સવારમાં માળીને પણ બોલાવવામાં આવ્યો, તેણે જ ફરીથી (રાજાને) વાત કહી.

'મારો પુત્ર મારી આજ્ઞાનો ભંગ કરે છે' એમ જાણી રોષે ભરાયેલા રાજાએ કોટવાળને કહ્યું :

**રે! પુણ્ય અથવા પાપ જીવને આસ્રવે જે ભાવથી,**
**તેના વડે તે 'પરચરિત' નિર્દિષ્ટ છે જિનદેવથી. ૧૫૭. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

"બલકુમારના  નવ ટૂકડા કરો."

પછી તે કુમારને વધસ્થાને લઈ જઈને ચાંડાલને બોલાવા જે પુરુષો ગયા હતા તેમને જોઈને ચાંડાલે પોતાની સ્ત્રીને કહ્યું :

"પ્રિયે ! ચાંડાલ ગામ ગયો છે—એવું તું તેમને કહેજે." એમ બોલીને તે ઘરના ખૂણે છૂપાઈ રહ્યો. જ્યારે કોટવાળોએ માતંગને બોલાવ્યો ત્યારે ચાંડાલણીએ કહ્યું : "તે આજે ગામ ગયો છે."

કોટવાળોએ કહ્યું : "તે પાપી પુણ્યહીન છે કે તે આજે ગામ ગયો, કારણ કે કુમારના વધથી તેને બહુ સુવર્ણ—રત્નાદિનો લાભ થાત."

તેમનું બોલવું સાંભળીને, દ્રવ્યના લોભથી તેણે (ચાંડાલણીએ) ચાંડાલની બીકથી 'તે ગામ ગયો છે,' એમ વારંવાર બોલીને, હાથના ઈશારાથી તેને (ચાંડાલને) બતાવ્યો. પછી તેમણે (કોટવાળોએ) તેને ઘર બહાર કાઢીને, મારવા માટે તે કુમારને તેને સોંપ્યો.

તેણે (માતંગે) કહ્યું : "આજે ચૌદશના દિવસે હું જીવનો ઘાત કરીશ નહિ."

પછી કોટવાલોએ તેને રાજા પાસે લઈ જઈને કહ્યું : "દેવ ! આ રાજકુમારને મારતો નથી."

તેણે (ચાંડાળે) રાજાને કહ્યું : "સર્પદંશથી મરેલો સમજી મને સ્મશાનમાં નાખવામાં આવ્યો હતો, ત્યાં સર્વ ઔષધિમય મુનિના શરીરના વાયુથી હું ફરી જીવતો થયો અને તેમની (મુનિની) પાસે ચતુર્દશીના દિવસે જીવને નહિ મારવાનું મેં અહિંસાવ્રત ગ્રહણ કર્યું છે. તેથી આજે હું રાજકુમારને મારીશ નહિ. દેવને જે સૂઝ પડે તે કરે."

'અસ્પૃશ્ય ચાંડાલને વળી વ્રત' ! એમ વિચારીને ક્રોધે ભરાયેલા રાજાએ બંનેય (ચાંડાલ અને કુમાર બંનેને) મજબૂત બંધાવીને બાળકો મારવાના તળાવમાં ફેંકાવ્યા. તે બંનેમાં માતંગે પ્રાણનો નાશ થવાને વખતે પણ અહિંસાવ્રત છોડ્યું નહિ. તેથી વ્રતના માહાત્મ્યથી જળદેવતાએ જળની અંદર સિંહાસન, મણિમય મંડપ, દુન્દુભિ, સાધુકારાદિ પ્રાતિહાર્યાદિ કર્યાં. મહાબલિ રાજા તે સાંભળીને ભય પામ્યો અને તેનો સત્કાર કરીને તેને પોતાના છત્રની નીચે સ્નાન કરાવીને તેને સ્પૃશ્ય બનાવ્યો. આ પ્રમાણે પ્રથમ અણુવ્રતની કથા છે.

**સૌ-સંગમુક્ત અનન્યચિત્ત સ્વભાવથી નિજ આત્મને**
**જાણે અને દેખે નિયત રહી, તે સ્વચરિતપ્રવૃત્ત છે. ૧૫૮. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

## અમેરિકામાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૫મી જન્મજયંતી મહોત્સવ તથા ચાર દિવસના આધ્યાત્મિક સેમિનારનું ભવ્ય આયોજન સાનંદ સંપન્ન

અમેરિકાના ટેમ્પા શહેરમાં મે ૨૩ થી ૨૬, ૨૦૧૪ પર્યંત ચાર દિવસનો આધ્યાત્મિક સેમિનાર તથા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૫મી જન્મજયંતીનો મંગલમય પ્રસંગ ભવ્ય રીતે ઊજવાયો. અત્યાર સુધીની જન્મજયંતીઓ ઉજવાઈ તેમાં ૧૨૫મી જન્મજયંતી યાદગાર રહી જાય તેવી શિરમોર હતી.

જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ (U.S.A.) છેલ્લા પંદર વર્ષથી અમેરિકાના વિવિધ શહેરોમાં પૂજ્ય ગુરુદેવશ્રી જન્મજયંતિનું આયોજન કરે છે. તે પ્રમાણે ૧૨૫મી જન્મજયંતી આ સંસ્થાએ ટેમ્પા શહેરમાં આયોજિત કરેલ. ૧૨૬મી જન્મજયંતી તથા ૨૦૧૫ દરમ્યાન સેમિનારના આયોજન અંગે જાહેરાત હવે પછી કરવામાં આવશે.

સંપર્કસૂત્ર :— હસમુખ મ. શાહ —HASMUKH33@YAHOO.COM

---

## આત્મધર્મ ગ્રાહક મિત્રો માટે

(૧) ‘આત્મધર્મ’ના દરેક ગ્રાહકને જણાવવાનું કે ‘આત્મધર્મ’ માસિક દરેક માસની ૧લી તારીખે પ્રકાશિત થાય છે તે જ દિવસે પોસ્ટ કરવામાં આવે છે.

(૨) આપને ‘આત્મધર્મ’ માસિક નિયમિત મળતું હશે જો ન મળતું હોય તો અમોને નીચેના સરનામે અથવા Email દ્વારા જાણ કરશો.

(૩) સરનામુ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર જે આત્મધર્મ ઉપર આવે છે તે જરૂર લખવા મહેરબાની કરશો.

(૪) આપનું જો એડ્રેસ બદલાયું હોય તો અમોને આપનું નવું એડ્રેસ મોકલશો જેથી આપના નવા એડ્રેસમાં આપને આત્મધર્મ મોકલી શકાય.

(૫) જો આપને ‘આત્મધર્મ’ માસિક બંધ કરાવવું હોય તો પણ નીચેના સરનામે જણાવવા વિનંતી.

આત્મધર્મ કાર્યાલય
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (જિ. ભાવનગર)
www.kanjiswami.org
email : contact@kanjiswami.org

જાણે, જુએ ને આચરે નિજ આત્મને આત્મા વડે,
તે જીવ દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે નિશ્ચિતપણે. ૧૬૨. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા :**—અષાઢ સુદ ૭, શનિવાર તા. ૫-૭-૨૦૧૪ થી અષાઢ સુદ ૧૫, શનિવાર તા. ૧૨-૭-૨૦૧૪—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક ઊજવવામાં આવશે.

**વીરશાસન જયંતી :**—અષાઢ વદ ૧ તા. ૧૩-૭-૨૦૧૪ રવિવાર ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ છૂટવાનો દિવસ છે. આ પર્વ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

---

# વૈરાગ્ય સમાચાર :–

નૈરોબીનિવાસી શ્રીમતી નિર્મળાબેન તારાચંદ (સ્વ. પૂજાભાઈ અને કંકુબેનના સુપુત્રી) (ઉ.વ. ૬૭) તા. ૧-૧૦-૨૦૧૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

શ્રીમતી ઈન્દુમતી તરુણકુમાર શાહ (હાલ મુંબઈ) (—તે સ્વ. પુરુષોતત્તમદાસ ઓધડદાસ કામદારના સુપત્રી)નું તા. ૨૬-૪-૧૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ કહાનગુરુ પ્રભાવના-દર્શનના ઉદ્ઘાટન પ્રસંગે સોનગઢ આવ્યા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

**સુરતનિવાસી શ્રીમતી શાંતાબેન હરિભાઈ પટેલ હસ્તે શ્રીમતી ભાનુબેન**
**વલ્લભભાઈ રૂપારેલિયા પરિવાર દ્વારા**
**અધ્યાત્મ અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર**
**પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો**

# ૧૦૧મો જન્મજયંતી મહોત્સવ

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૧૦૧મી જન્મજયંતી આ વર્ષે સુરતનિવાસી શ્રીમતી શાંતાબેન હરિભાઈ પટેલ હસ્તે શ્રીમતી ભાનુબેન વલ્લભભાઈ રૂપારેલિયા પરિવાર દ્વારા ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૧૦૧મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૮-૮-૨૦૧૪, શુક્રવારથી તા. ૧૨-૮-૨૦૧૪, મંગળવાર—પાંચ દિવસ સુધી શ્રી જંબૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર-જિનબિંબ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમ સહ સંપન્ન થશે. આ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવરસભીનાં કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિવિધ ભજનમંડળીઓ દ્વારા થનાર જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૫-૮-૧૪ થી ૨૪-૮-૧૪—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમોનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ અષાઢ વદ-૧, તા. ૧૩-૭-૨૦૧૪, રવિવારના રોજ સોનગઢમાં રાખેલ છે.)

નિમંત્રક :
શ્રી શાંતાબેન હરિભાઈ પટેલ
હ. ભાનુબેન વલ્લભભાઈ રૂપારેલિયા પરિવાર,
ચિદ્રૂપ, અનુભૂતિ, સુરતના જય જિનેન્દ્ર

## (૧૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૨૬૧) પૂજ્ય ગુરુદેવશ્રી પાંચ સમવાયમાંથી .....................ની મુખ્યતા કરતા હતા.

(૨૬૨) સાતમી નરકમાં બહુ ................ હોય છે.

(૨૬૩) નિયમથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન .................. દેવને હોય છે.

(૨૬૪) પૂજ્ય ગુરુદેવશ્રી તેમનાં પ્રવચનોમાં શાસ્ત્રોના આધારે શ્રાવકે આવકનાં .............. ટકા ઓછામાં ઓછા શુભકાર્યમાં વાપરવાનું કહેતા હતા.

(૨૬૫) આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં આ ગાથા સમયસારનાં ..................... અધિકારની છે.

(૨૬૬) શ્રી કુંદકુંદાચાર્યદેવને ................... ચારિત્ર હતું.

(૨૬૭) પંચ નમસ્કાર મંત્રમાં સાધ્ય ................... ભગવાન છે.

(૨૬૮) ગાંધીજીને મુંઝવતા ૨૭ પ્રશ્નોના જવાબ .......................... એ આપ્યા હતા.

(૨૬૯) મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર ભગવાનને ઓછામાં ઓછા .................. કલ્યાણક હોય છે.

(૨૭૦) ..................... ધ્યાન પરમ ઉપાદેય છે.

(૨૭૧) શાસ્ત્રથી જ્ઞાન થાય છે તે ................. વિપરીતતા છે.

(૨૭૨) પોતાના હાથેથી નાખેલું કતકફળનું દૃષ્ટાંત ....................... શાસ્ત્રમાં આવે છે.

(૨૭૩) સમયસાર .......................... યોગનું શાસ્ત્ર છે.

(૨૭૪) શુદ્ધ ઉપયોગથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે ત્યારે .....................કર્મોનો નાશ થાય છે.

(૨૭૫) .................. ભાવને અકષાયભાવ કહેવાય છે.

(૨૭૬) આ કાળમાં તીર્થંકર જેવું કાર્ય શ્રી ........................... એ કર્યું છે.

(૨૭૭) પંચમકાળમાં .................. ન હોવાથી કોઈને ક્ષાયિક સમ્યગ્દર્શન ન થાય.

(૨૭૮) સમાધિતંત્ર અર્થાત્ સમાધિશતક શાસ્ત્રનાં રચયિતા આચાર્યશ્રી ....................... વિદેહક્ષેત્રમાં ભગવાનના દર્શને ગયા હતાં.

(૨૭૯) શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત ............................ ભગવાન પાસે પામ્યા હતા.

(૨૮૦) એક તીર્થંકર ...................... ભગવાન સૌરાષ્ટ્રમાંથી મોક્ષ પામ્યા છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન જૂન-૨૦૧૪ના ઉત્તર

(૨૪૧) વિજય મેરુ
(૨૪૨) સન્મતિનાથ
(૨૪૩) ઐલાચાર્ય
(૨૪૪) વૈજયન્ત
(૨૪૫) મતાર્થ
(૨૪૬) ચક્ષુ
(૨૪૭) વિપુલાચલ
(૨૪૮) અનંતનાથ
(૨૪૯) જીવ
(૨૫૦) પુદ્‌ગલાસ્તિકાય

(૨૫૧) આકાશ
(૨૫૨) જ્ઞાનાચાર
(૨૫૩) પરિગ્રહ પરિમાણ
(૨૫૪) મિથ્યાત્વ
(૨૫૫) હિંસા
(૨૫૬) ભીમ
(૨૫૭) જંબૂદ્વીપના એક
(૨૫૮) પશ્ચિમ પુષ્કરાર્ધ
(૨૫૯) ૨૭૫
(૨૬૦) ૮૧

## (૧૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યોમાંનો જવાબ **અ** થી શરૂ થશે.

(૨૬૧) આકાશ દ્રવ્યનો એક વિશેષ ગુણ ......................

(૨૬૨) સાત તત્ત્વમાંથી એક તત્ત્વ .......................

(૨૬૩) આકાશદ્રવ્યનો એક ભેદ .......................

(૨૬૪) એક પદાર્થનું બીજા પદાર્થમાં ન હોવું ....................

(૨૬૫) ચાર દર્શનમાંથી એક દર્શન ........................

(૨૬૬) પાંચ મિથ્યાત્વમાંથી એક મિથ્યાત્વ .................

(૨૬૭) છએ દ્રવ્યોનો કાળ ................

(૨૬૮) ભાવસ્વરૂપ ગુણને ક્યો ગુણ કહે છે....................

(૨૬૯) આયુકર્મના અભાવમાં પ્રગટ થવાવાળો ગુણ .........................

(૨૭૦) પારિણામિકભાવના ત્રણ ભેદમાંથી એક ભેદ ........................

(૨૭૧) પર્યાયના બે ભેદમાંથી એક ભેદ .........................

(૨૭૨) છેતાલીસ ગુણધારી પરમેષ્ઠી ભગવાન .......................

(૨૭૩) પાંચ મેરુ પર્વતમાંથી એક પર્વત ...................

(૨૭૪) જીવને સ્પર્શગુણવાળો કહે તો આવવાવાળો દોષ .....................

(૨૭૫) ભાવલિંગી મુનિને વર્તતું ગુણસ્થાન ....................

(૨૭૬) સાધુ પરમેષ્ઠીના ૨૮ મૂલગુણમાંથી એક ગુણ .....................

(૨૭૭) જ્ઞાનના પાંચ ભેદમાંથી એક ભેદ .....................

(૨૭૮) આદિનાથ ભગવાન પહેલાં મોક્ષ જવાવાળા ....................

(૨૭૯) જે શક્તિના કારણે દ્રવ્યનો કદી નાશ ન થાય ...................

(૨૮૦) પરના ઉપદેશથી સમ્યક્ર્શન થાય તેને કહે છે ......................

# બાળકો માટેના આપેલ પ્રશ્ન જૂન–૨૦૧૪ના ઉત્તર

(૨૪૧) (x)
(૨૪૨) (x)
(૨૪૩) (x)
(૨૪૪) (x)
(૨૪૫) (✓)
(૨૪૬) (✓)
(૨૪૭) (✓)
(૨૪૮) (x)
(૨૪૯) (x)
(૨૫૦) (✓)

(૨૫૧) (✓)
(૨૫૨) (x)
(૨૫૩) (x)
(૨૫૪) (✓)
(૨૫૫) (x)
(૨૫૬) (✓)
(૨૫૭) (✓)
(૨૫૮) (✓)
(૨૫૯) (x)
(૨૬૦) (✓)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ પ્રશ્ન :—વાંચન-શ્રવણ-મનન કરવા છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી ?

ઉત્તર :—વાંચન આદિ તો બધુ બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે. એથી એને અંતર્મુખ થવું જોઈએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂલ છે તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક....જ્ઞાયક...જ્ઞાયક છું, ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થઈને અનુભવ થાય જ. ૬૬.

✻ પ્રશ્ન :—શાસ્ત્ર દ્વારા મનથી આત્મા જાણ્યો હોય તેમાં આત્મા જણાયો કે નહિ ?

ઉત્તર :—એ તો શબ્દજ્ઞાન થયું. આત્મા તો જણાયો નથી. આત્મા તો આત્માથી જણાય છે. શુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે પણ અશુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે નહિ અને આનંદ આવ્યા વિના આત્મા ખરેખર જાણવામાં આવતો નથી. ૬૭.

✻ પ્રશ્ન :—શુભ-અશુભભાવનો વ્યવહારે ભેદ હોવા છતાં પરમાર્થે ભેદ માનનાર ઘોર સંસારમાં રખડશે તેમ શાસ્ત્રમાં કહ્યું છે, અને દેવ-ગુરુ-વાણી પુણ્ય વિના મળતા નથી તો આવતા ભવે તે મેળવવા માટે પુણ્યની તો અપેક્ષા રહે ને?

ઉત્તર :—પુણ્યથી દેવ-ગુરુ-વાણીનો યોગ મળે છે તે બરાબર છે પણ પુણ્યભાવ વર્તમાનમાં દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે. કેમકે પુણ્યથી જે સામગ્રી મળશે તેના લક્ષે રાગ થશે તે દુઃખરૂપ છે. ભગવાનની વાણી મળે તેની સામે લક્ષ જાય તે રાગ દુઃખરૂપ છે. શુભરાગ આવે છે, હોય છે પણ ચેતનનો ધર્મ શુભરાગ નથી. શુભરાગ દુઃખરૂપ છે. આહાહા! આ વાત જગતને આકરી લાગે તેવી છે. ઝીણી વાત છે. બેસવી કઠણ પડે તેવી છે પણ જે સત્ય છે તે આમ જ છે. ૬૮.

✻ જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવની મોટપ ભાસ્યા વિના જ્ઞાન અંદરમાં ઢળી શકતું નથી. જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવનો મહિમા ને મોટપ ભાસે ત્યારે જ જ્ઞાન અંદરમાં ઢળી જાય છે. ૬૯

Posted at Songadh PO
Publish on 1-07-2014
Posted on 1-07-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**